Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ




પુ૦ ૩૦ મું.
પોષ.
અંક ૬ ઠ્ઠો.

પ્રકાશક,
**શ્રી જૈન આત્માનંદ સભા**
ભાવનગર.

વીર સં. ૨૪૫૯
આત્મ સં. ૩૭
વિ. સં. ૧૯૮૯

મૂલ્ય રૂ. ૧) પો૦ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧ હૃદય-રંગ. ... ... ... ... વેલચંદ ધનજી ... ... ૧૨૧
૨ શ્રી ભકતામર સ્તોત્રનો ગુજરાતી...
કાવ્યાનુવાદ. ... ... ... ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ ... ૧૨૩
૩ શ્રી તીર્થંકરચરિત્ર. ... ... ... મુનિશ્રી દર્શનવિજયજી મહારાજ. ૧૨૬
૪ અમારી પૂર્વદેશની યાત્રા ... ...મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ. ૧૩૧
૫ જૈનોની સંઘ સ્થિતિ. ... ... ...ભોગીલાલ પેથાપુરી. ... ૧૩૫
૬ મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ ...વિઠ્ઠલદાસ મૂ. શાહ... ... ૧૩૯
૭ શ્રી કેસરીયાજી તીર્થ સંબંધી.... ... ... ... ... ૧૪૧
૮ મુંબઇમાં સસ્તા ભાડાની ચાલીઓની જરૂરીયાત.... ... ... ૧૪૨
૯ વર્ત્તમાન સમાચાર. ... ... ... ... ... ... ૧૪૧
૧૦ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ... ૧૪૪


## ॥ श्री वसुदेवहिण्डि प्रथमखण्डम् ॥

### द्वितीय अंशः बीजो भाग.

સંપાદકો તથા સંશોધકો—મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ.

આ બીજા અંશમાં આઠમાથી અઠ્ઠાવીશમા સુધી ૨૧ લંભકો આવેલા છે. જે ૧૦૪૮૦ શ્લોકોમાં પૂર્ણ થાય છે.

આ પ્રથમ ખંડનો, તથા કર્ત્તા મહાત્માનો પરિચય અને આ ગ્રંથ કેટલો ઉચ્ચ કોટીનો છે, પરિશિષ્ટોને લગતો વિશેષ પરિચય, પ્રસ્તાવના, વિષયાનુક્રમ, કોષ આદિ સાથે હવે પછી પ્રકટ થતા ત્રીજા ભાગમાં આપવામાં આવશે. આ ગ્રંથ જૈનોના પ્રાચાનમાં પ્રાચીન કથા-સાહિત્યમાંનું એક અણમોલું રત્ન છે. કિંમત રૂા. ૩-૮-૦ સાડા ત્રણ રૂપિયા ( પોસ્ટેજ જુદું ) રાખવામાં આવેલ છે. ઇતિહાસિક પ્રાચીનમાં પ્રાચીન કથાસાહિત્યના આ ગ્રંથનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરાવી પ્રકટ કરવા આ સભાની ઇચ્છા હોવાથી આર્થિક સહાયની જરૂર છે.

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

बाह्यविषयव्यामोहमपहाय रत्नत्रयसर्वस्वभूते आत्मज्ञाने प्रयतितव्यम्, यदाहुर्बाह्या अपि—"आत्मा रे श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्य" इति । आत्मज्ञानं च नात्मनः कर्मभूतस्य पृथक् किञ्चित्, अपि त्वात्मनश्चिद्रूपस्य स्वसंवेदनमेव मृग्यते, नातोऽन्यदात्मज्ञानं नाम, एवं दर्शनचारित्रे अपि नात्मनो भिन्ने । एवं च चिद्रूपोऽयं ज्ञानाद्याख्याभिरभिधीयते । ननु विषयान्तरव्युदासेन किमित्यात्मज्ञानमेव मृग्यते ? विषयान्तरज्ञानमेवह्यज्ञानरूपं दुःखं छिन्द्यात् । नैवम्, सर्वविषयेभ्य आत्मन एव प्रधानत्वात्, तस्यैव कर्मनिबन्धनशरीरपरिग्रहे दुःखितत्वात्, कर्मक्षये च सिद्धस्वरूपत्वात् ॥

योगशास्त्र स्वोपज्ञविवरण–श्री हेमचन्द्रसूरि.

पुस्तक ३० } वीर सं. २४५९. पोष. आत्म सं. ३७. { अंक ६ ठ्ठो.

## હૃદય–રંગ.

( १ )

[1]શ્રી સત્યરૂપે સમજવા,
સત્સંગને ચાહો ! સદા;
ફળતણી લાલચ રહિત,
સમ્યગ્ માર્ગ શોધો ! સર્વદા.

( २ )

તેવી જ રીતે આત્મ વા,
પરમાત્મને પહિચાનવા;
દુર્લભ ઉદ્યમ ! સરલ ભાવે,
માર્ગ અનુગામી થવા.

નોટ:—૧. જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ આત્મિક લક્ષ્મી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩ )

ચંચળ હૃદયને સ્થિર કરવા,
સાધ્ય સુંદર કેળવો !
દયા–દમન દાનની સેવના,
આદર્શ રૂપે મેળવો !

( ૪ )

ભાવો ! અહર્નિશ ભાવના,
ભવવારિધિ તરવા મિષે;
ઇચ્છા રહે ના અન્ય સાત્વિક,
" મુક્તિ " મેળવવા વિષે.

( ૫ )

[2]નેકીતણી કિમ્મત નિરંતર,
આંકવી ! અન્તરવડે;
[3]પ્રણાલી શુદ્ધ પવિત્ર તે–તે,
સરલતાથી સાંપડે !

( ૬ )

[4]નામી બનાવો ! કામ સુંદર,
ટેક તેવી રાખીને;
મધુરોમનોજ્ઞ સુસ્વાદ અન્તર,
આત્મનો આસ્વાદીને.

( વેલચંદ ધનજી. )

---

૨. શુદ્ધ વર્તન. ૩. રૂઢી–રીવાજ પ્રથા. ૪–ખાસ વખાણવા લાયક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ૐ ॥

# શ્રી માનતુંગાચાર્યપ્રણીત શ્રીભક્તામરસ્તોત્રનો

## ગુજરાતી કાવ્યાનુવાદ.

અનુવાદકર્તા—ડૉ૦ ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા
એમ. બી. બી. એસ.

### -: મંગલાચરણ :-

—:: શિખરિણી ::—

સુરો ભક્તોકેરા મુકુટમણિના કાંતિગણના,
પ્રકાશી* વર્ત્તે જે દલક સઘળા પાપ-[1]તમના;
યુગાદે આલંબી ભજલ પડંતા જનતણા,
નમી સમ્યક્ એવા ચરણદ્વય તે શ્રી જિનતણા. ૧

બધા વાક્તત્ત્વોના† અવગમ[2]થકી ઉદ્ભૂત થતી,
મતિ જેની એવા નિપુણ વિબુધોના[3] અધિપતિ;
સ્તવાયા જે ચારૂ જગચિતહરાસંસ્તવ વડે,
જિનેંદ્રા આદિ તે સ્તવીશ આહુઆ હું પણ ખરે! (યુગ્મ) ૨

### આત્મલઘુતા નિવેદન.

સુરો અર્ચે જેની ચરણપીઠ એવા પ્રભુ મહા!
મતિ ના તોયે હું સ્તુતિમતિ ધરૂં નિર્લજ અહા!

---

* પ્રણામ કરી રહેલા ભક્ત દેવતાઓના મુગટમણિની કાંતિને જે પ્રકાશિત કરે છે, અને પાપરૂપ અંધકારને જે ઉડાવી દે છે એવા તથા યુગની આદિમાં ભવજલમાં પડતાં જનોને આલંબનરૂપ એવા જિનચરણને નમન કરીને.

૧ પાપરૂપ અંધકાર, ૨ બોધ, જ્ઞાન. ૩ દેવોના અધિપતિ ઈંદ્ર.

† બધા વાઙ્મયના વિજ્ઞાનથી જેની બુદ્ધિ ઉત્પન્ન થઇ છે એવા નિપુણ દેવેંદ્રો-દ્વારા જે ઉત્તમ સ્તોત્રોવડે સ્તવાયા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેલું નીરે તે શશધર પ્રતિબિંબ ધરવા,
  [4]શિશુ†† વિના ઇચ્છે અપર સહસા કોણ નર વા ? ૩

શશિ જેવા ચારૂ તુજ ગુણગણો [1]ગુણજલધિ !
  કહેવા શક્ત ક્યો [2]સુરગુરૂ સમોયે વરમાત ?
થયા [3]ઉદ્ધુરા જ્યાં મગરગણ કલ્પાંત પવને,
  પયોધિ એવો ક્યો ભુજથી તરવા શક્ત ભવને ? ૪

## ત્હારી ભક્તિની પ્રેરણા.

તથાપિ એવો હું મુનીશ ! તુજ ભકિતવશ થતાં,
  પ્રવર્ત્યો છું ત્હારૂં સ્તવન કરવા શક્તિ ન છતાં;
ન વિચારી શક્તિ હરિણ નહિ શું પ્રીતિ ધરીને,
  [4]શિશુની રક્ષાર્થે [5]પશુપતિ પ્રતિ ધાય* ધસીને ? ૫

પ્રભો ! અલ્પશ્રુતી શ્રુતધરતણા હાસ્યપદને,
  કરે ભક્તિ ત્હારી બલથકી જ વાચાલ મુજને;
ટહૂકે કોકિલા સુમધુર [6]મધુ માસમહિં જે,
  ફેડા આમ્રોકેરા કળિનિકર કાજે જ અહિં તે. ૬

## સ્તુતિ માહાત્મ્ય.

જીવોનું બાંધેલું [7]દુરિત ભવની સંતતિ મહીં,
  સ્તુતિદ્વારા ત્હારી ક્ષણમહિં જ પામે ક્ષય અહીં;
અહો ! લોકવ્યાપી જયમ ભ્રમરવત્ કૃષ્ણ સઘળું,
  [8]નિશાનું અંધારૂં રવિકિરણથી શીઘ્ર ટળતું. ૭

ગણી એવું સ્વામી ! સ્તવન તુજ હું અલ્પમતિથી,
  છતાં પ્રારંભાયે પ્રભુ ! તુજ પ્રભાવે સુરીતિથી;

---

૧ બાલક. †† પાણીમાં પડેલા ચંદ્ર પ્રતિબિંબને પકડવાને બાલક વિના બીજો કોણ ઇચ્છે ? પોતાને બાલકની ઉપમા આપી કવિ અત્રે પોતાની લઘુતા પ્રદર્શિત કરે છે.

૧ ગુણોના સમુદ્ર, ૨ બૃહસ્પતિ, દેવોનો ગુરૂ, ૩ ઉદ્ધત, તોફાની, ૪ બચ્ચુ, બાલક, ૫ સિંહ. ૬ ચૈત્ર કે વૈશાખ માસ ૭ પાપ. ૮ રાત્રિ.

* પોતાનું સામર્થ્ય વિચાર્યા વિના હરિણ શું પોતાના બચ્ચાની રક્ષા કરવા અર્થે સિંહ સામે ધસી જતું નથી ? તેમ કવિ પણ કહે છે કે મારામાં સામર્થ્ય નથી છતાં હું ત્હારી સ્તુતિ કરવા તત્પર થયો છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હરી લેશે આ તો નકી જ મનડું સંતજનનું,
દીશે મોતી* જેવું કમલદલમાં બિન્દુ જલનું. ૮

## નામમાત્રથી પાતક ટળે.

રહો દૂરે ત્હારૂં સ્તવન સઘળા દોષહીન રે !
હણે ત્હારી વાર્તા પણ જગતના સૌ દુરિત રે !
રહો દૂરે ભાનુ ! તદપિ તસ કાંતિ જ જગમાં,
કરે છે વિકાસી કમલગણને પદ્મસરમાં. ૯

## 'જિનને ભજતાં જિન આપ બને'

અતિ ના [1]અદ્ભુતં,—ભુવનભૂષણા હે, ભૂતપતિ !
જનો ભૂમાં ત્હારૂં સ્તવન કરતાં ભૂતગુણથી;
બને ત્હારા† જેવા,-જગતમહિં શું તે થકી ? ખરે !
સ્વ આશ્રિતાને જે સ્વ સમ ન કરે વિભૂતિવડે. ૧૦

## તને દીઠા પછી બીજે આંખ ન ઠરે.

અનિમેષ[2] જોવા ઉચિત તમને જોઇ જગમાં,
ન પામે [3]સંતુષ્ટિ જનનયન તો અન્ય સ્થળમાં,
પીને ક્ષીરાબ્ધિના[4] શશિકર સમાકાંત[5] પયને,
કિયો ઇચ્છે પીવા જલનિધિ તણા ક્ષાર જલને ? ૧૧

—ચાલુ

૧ આશ્ચર્યકારક, નવાઇ જેવું. ૨ એકીટસે જોવા યોગ્ય. ૩ સંતોષ ૪ ક્ષીર-સમુદ્રના. ૫ રમણીય, સુંદર.

* કમલપત્રમાં રહેલું જલબિન્દુ મોતી જેવું દેખાય છે, તે કમલદળનો પ્રભાવ છે; તેમ આ સ્તવન પણ સત્પુરૂષોના મનનું હરણ કરશે તેમાં ત્હારો જ પ્રભાવ છે.

† "ભૃંગી ઇલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે"—**શ્રીમાન્ આનંદઘનજી**
"જિન થઇ જિનને આરાધે, તે સહી જિનવર હોવે રે" „

જે જિનને ભજે તે જિન થાય. અત્રે ભક્તિભરથી નિર્ભર ભક્ત કવિ ભગવાનને ઉપાલંભથી કહે છે કે —" જગતમાં જે પોતાના આશ્રયે આવેલાને વૈભવવડે પોતાના જેવો જ ન કરી દે તેનું શું કામ છે? " તાત્પર્યાર્થ એ છે કે જે પ્રભુને ભજે તે પ્રભુ જેવો થાય જ થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અગિઆર અંગમાં નિરૂપણ કરેલ-
# શ્રીતીર્થંકરચરિત્ર.

## શ્રી જ્ઞાતાસૂત્ર.

( ગતાંક પૃષ્ઠ ૧૦૪ થી શરૂ )

તે કાળે અને તે સમયે કુરૂ-નામે દેશ હતો. **હસ્તિનાપુર** નામે નગરમાં **અદીનશત્રુ** નામે રાજા હતો, યાવત્ વિચરે છે.

ત્યાં **મિથિલામાં** કુંભરાજનો પુત્ર પ્રભાવતીનો આત્મજ મલ્લિકુમારીનો નાનો ભાઈ **મલ્લદિન્ન** નામે કુમાર, યાવત....યુવરાજ થએલ હતો. ત્યારબાદ મલ્લદિન્ન કુમાર અન્ય દિવસે કૌટુંબિક પુરૂષોને બોલાવે છે. બોલાવીને કહે છે કે તમો જાઓ મારા પ્રમદ વનમાં ( ગૃહોદ્યાનમાં ) એક મોટી ચિત્રસભા કરો. અનેક યાવત....આજ્ઞા પાછી આપે છે. ત્યારબાદ તે મલ્લદિન ચિતારા મંડળને બોલાવે છે. બોલાવીને આ પ્રમાણે કહે છે-હે દેવાનુપ્રિયો ! તમો ચિત્ર સભામાં હાવ ભાવ, વિલાસ અને બિબ્બોક ( સ્ત્રીઓનાં રીસામણાં વિગેરે ) ના ચિત્રામણો કરો, ચિત્રામણ કરીને યાવત....આજ્ઞા પાછી આપો. ત્યારે તે ચિતારાની મંડળી " તેમ હો " કહેતાં સાંભળે છે, સાંભળીને જ્યાં પોતાના ઘરો છે ત્યાં આવે છે. આવીને પીછી અને રંગ લ્યે છે, લઇને જ્યાં ચિત્રસભા છે ત્યાં જઇને પ્રવેશે છે, પ્રવેશીને ભૂમિભાગને ( દીવાલોને ) સાફ કરે છે. ભૂમિભાગને લીસો બનાવે છે (તૈયાર કરે ) તૈયાર કરીને ચિત્રસભામાં હાવભાવ યાવત...ચિતરવા લાગ્યા.

તેમાં **એક ચિતારાને** આ પ્રમાણે ચિત્રામણશકિત પ્રાપ્ત થઇ હતી-મળી હતી.ચારે બાજુથી પરિણત હતી કે-તે કોઇ પણ પશુ, પક્ષિ કે મનુષ્યના એક અવયવને પણ જોવે તેના અવયવપણે તેનું સંપૂર્ણ શરીર ચિતરી શકે ત્યારે ચિતારાનો પુત્ર પડદામાં રહેલ મલ્લિકુમારીના પગના અંગુઠાને જાળીએથી જુએ છે, ત્યારે તે ચિતારાને આ પ્રમાણે વિચાર થયો યાવત....તો પછી મારે ખરેખર મલ્લીકુમારીનું પગના અંગુઠા પ્રમાણે સરખું યાવત્....ગુણવાળું ચિત્ર બતાવવું જોઇએ. એમ વિચાર છે, વિચારીને ભૂમિભાગ તૈયાર કરે છે, તૈયાર કરીને મલ્લીકુમારીને પણ પગના અંગુઠા પ્રમાણે યાવત....ચિતરે છે.

ત્યારે ચિતારામંડળ ચિત્રસભામાં યાવત....હાવભાવોને ચિતરે છે. ચિતરીને જ્યાં મલ્લિદિન્નકુમાર છે ત્યાં આવે છે યાવત્....એ આજ્ઞા પાછી આપે છે. ત્યારે મલ્લિદિન્નકુમાર ચિતારામંડળને સત્કારે છે, સત્કારીને ઘણું જીવિતને યોગ્ય ખુશી દાન દે છે, દઇને વિસર્જન કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારબાદ એકદિન મલ્લદિન્નકુમાર સ્નાન કરીને અંતઃપુરપરિવારથી વીંટાએલો અંબધાત્રીની સાથે જ્યાં ચિત્રસભા છે ત્યાં આવે છે. આવીને ચિત્રસભામાં પેશે છે. હાવભાવ, વિલાસ અને બિબ્બોકથી ભરેલા ચિત્રોને જોતો જોતો જ્યાં વિદેહની શ્રેષ્ઠરાજકન્યા મલ્લિકુમારીનું અનૂરૂપ ચિત્ર છે. ત્યાં જાય છે. ત્યારે તે મલ્લદિન્ન કુમાર ત્યાં વિદેહની શ્રેષ્ઠરાજકન્યા મલ્લીકુમારીના ચિત્રને દેખે છે. દેખીને મલ્લિદીન કુમારને આ રીતનો–આ પ્રકારનો માનસિક વિચાર યાવત....થયો. " આ વિદેહની શ્રેષ્ઠરાજકન્યા મલ્લિકુમારી છે. " એમ વિચારી મલ્લદિન્ન લજ્જિત વ્રીડિત શરમાળ બની ધીમે ધીમે પાછો હટે છે ત્યારે અંબાધાત્રી મલ્લદિન્નકુમારને પાછો હટતો દેખીને કહે છે હે પુત્ર ! તું શા માટે લજ્જિત વ્રીડિત શરમીંદો બની ધીમે ધીમે પાછો હટે છે ?

ત્યારે તે મલ્લદિન્નકુમાર અંબાધાત્રિને એ પ્રમાણે કહે છે—હે માતા ! ગુરૂ અને દેવ સમાન પૂજનીક જેની મર્યાદા સાચવવી પડે તેવી મારી મોટી બેન મારી ચિતારાએ બનાવેલ ચિત્રશાળામાં પ્રવેશ કરે તે ઠીક નથી. ત્યારે અંબધાત્રી મલ્લદિન્નકુમારને કહે છે હે પુત્ર એ મલ્લિકુમારી નથી પણ તે ચિતારાએ ચિતરેલ વિદેહની શ્રેષ્ઠરાજકન્યા મલ્લિકુમારીનું તદનુરૂપ ચિત્રામણ છે. ત્યારે અંબધાત્રીનો આ અર્થ સાંભળીને મલ્લદિન્નકુમાર ક્રોધિત બને છે અને કહે છે–અરે ચિતારો કેવો છે ! જે અપ્રાર્થિતપ્રાર્થક ( મરવાને ઇચ્છતો ) યાવત....(લજ્જા) રહિત કે જેણે મારી દેવગુરૂ સમી મોટી બ્હેનનું યાવત....ચિત્ર દોર્યું છે ! એમ ચિંતવીને તે ચિતારાનો વધ કરવા હુકમ કરે છે.

ત્યારે ચિતારાનું મંડળ આ વાત સાંભળીને જ્યાં મલ્લદિન્નકુમાર છે ત્યાં આવે છે. આવીને બે હાથ જોડીને યાવત....વધાવે છે. વધાવીને આ પ્રમાણે કહે છે—હે સ્વામીન્ તે ચિતારાને આ પ્રકારની ચિતરવાની લબ્ધિ મળી છે, પ્રાપ્ત થઇ છે-પરિણમી છે, કે જે મનુષ્ય કે યાવત....બનાવી શકે તો હે સ્વામીન્ ! તમો તે ચિતારાને વધનો દંડ ન કરો, પરંતુ હે સ્વામિન્ ! તમો તે ચિતારાને બીજો કોઇ તેવો જ દંડ આપો ત્યારે તે મલ્લદિન્નકુમાર તે ચિતારાના સંડાસક ( અંગુઠો ) કપાવે છે.... છેદાવે છે અને દેશપારનો હુકમ કરે છે.

ત્યારબાદ તે ચિતારો મલ્લદિન્નનો દેશપારનો હુકમ મળવાથી સામાનમાત્ર ઉપકરણ વિગેરે લઇને મિથિલાનગરીથી નીકળે છે વિદેહ દેશના મધ્યમધ્યમાં થઇને જ્યાં હસ્તિનાપુર નગર છે, જ્યાં કુરૂદેશ છે, જ્યાં અદિન્નશત્રુ રાજા છે ત્યાં આવે છે. આવીને સરસામાન રાખીને ચિત્રનું પાટીયું તૈયાર કરે છે તૈયાર કરીને પગના અગુંઠા પ્રમાણે વિદેહની શ્રેષ્ઠરાજકન્યા મલ્લિકુમારીનું ચિત્ર દોરે છે. તેને કાખમાં છુપાવે છે, સંતાડીને અતિમૂલ્યવાન યાવત ભેટણું લે છે....લઇને હસ્તિના-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુર મધ્યમધ્યમાં જ્યાં અદિન્નશત્રુ રાજા છે ત્યાં આવે છે. આવીને હાથ જોડી યાવત્....વધાવે છે. વધાવીને ભેટણું ધરે છે, ભેટણું ધરીને ( કહે છે )

હે સ્વામીન્ ખરેખર હું મિથિલા રાજધાનીથી કુંભરાજાના પુત્ર, પ્રભાવતી રાણીના આત્મજ મલ્લદિન્નકુમારનો હદપારનો હુકમ મળવાથી જલ્દી અહિં આવ્યો છું તો હે સ્વામિન્ ! હું ઇચ્છું છું કે તમારા હાથની છાયાથી પરિગ્રહિત યાવત્...રહું

ત્યારે તે અદિન્નશત્રુરાજા તે ચિતારાના પુત્રને આ પ્રમાણે કહે છે—હે દેવાનુપ્રિય ! મલ્લદિન્નકુમારે શામાટે તને હદપારનો હુકમ કર્યો ?

ત્યારે તે ચિતારાનો પુત્ર અદિન્નશત્રુરાજાને આ પ્રમાણે કહે છે—હે સ્વામિન્ ! એ રીતે ખરેખર એક દિન કયારેક મલ્લદિન્નકુમારે ચિતારામંડળને બોલાવ્યું બોલાવીને આ પ્રમાણે કહ્યું—હે દેવાનુપ્રિયો ! તમો મારી ચિત્રસભાને, તે સર્વ કહેવું. યાવત્ મારા સંડાસકને છેદાવે છે, છેદાવીને દેશપારનો હુકમ કરાવે છે તો હે સ્વામિન્ ! એ રીતે ખરેખર મલ્લદિન્નકુમાર દેશપારનો હુકમ કરે છે

ત્યારબાદ અદિન્નશત્રુરાજા તે ચિતારાને આ પ્રમાણે પૂછે છે. હે દેવાનુપ્રિય ! તે કેવું હતુ કે જે તેં મલ્લિકુમારીનું અનુરૂપ ચિત્ર બતાવ્યું.

ત્યારે તે ચિતારો ચિત્રપટને કાંખમાંથી કાઢે છે કાઢીને અદિનશત્રુની સામે ધરે છે. ધરીને આ પ્રમાણે કહે છે—હે સ્વામિન્ ! તે વિદેહની શ્રેષ્ઠરાજકન્યા મલ્લિકુમારીનું તદનુરૂપ ચિત્ર આ છે કે જેમાં તેણીના આકાર ભાવોનું આલેખન છે. ખરેખર કોઇ દેવ કે યાવત્....વિદેહની શ્રેષ્ઠરાજકન્યા મલ્લિકુમારીનું તદનુરૂપ ચિત્ર દોરવાને શકિતમાન્ થઇ શકે તેમ નથી.

ત્યારબાદ અદિન્નશત્રુરાજા ચિત્રથી ઉત્પન્ન થએલ પ્રેમવડે દૂતને બોલાવે છે. બોલાવીને આ પ્રમાણે કહે છે. તે જ રીતે યાવત્....જવાને ઉપડે છે,

તે કાળે અને તે સમયે **પંચાલ** દેશમાં **કાંપિલ્યપુર** નગરમાં **જિતશત્રુ** નામનો રાજા પંચાલનો અધિપતિ હતો. તે જિતશત્રુરાજાના અંત:પુરમાં **ધારિણી** વિગેરે હજાર રાણીઓ હતી.

ત્યાં મિથિલામાં **ચોકુખા** નામની **પરિવ્રાજિકા** ઋગ્વેદ યાવત્....નિપુણ હતી. ત્યારે તે ચોકખા પરિવ્રાજિકા મિથિલામાં ઘણા રાજા ઇશ્વર યાવત્....સાર્થવાહ વિગેરેની પાસે દાનધર્મ, શૌચધર્મ અને તીર્થાભિષેકને કહેતી–દાખવતી પરૂપણા કરતી તથા ઉપદેશતી રહે છે, ત્યારે કોઇક અન્ય દિવસે તે ચોકખા પરિવ્રાજિકા ત્રિદંડ કુડી યાવત્....ગેરવી વસ્ત્રને લે છે લઇને પરિવ્રાજિકાની સાથે નીકળે છે. નીકળીને ચારે બાજુથી પરિવ્રાજિકાઓથી વીંટાએલી મીથીલા રાજધાનીની વચમાં જ્યાં કુંભરાજાનું ભુવન છે, જ્યાં **કન્યાઅંત:પુર** છે, જ્યાં વિદેહની શ્રેષ્ઠરાજકન્યા મલ્લિકુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારી છે. ત્યાં આવે છે. આવીને પાણીથી પવિત્ર દાભ ઉપર, સામે રાખેલ આસન ઉપર બેસે છે. બેસીને વિદેહની કન્યા મલ્લિકુમારી પાસે દાનધર્મ યાવત...કહે છે ત્યારે વિદેહી મલ્લિકુમારી ચોક્ષા પરિવ્રાજિકાને આ પ્રમાણે કહે છે ( પ્રશ્ન કરે છે ) હે ચોકખા ! તમારા ધર્મનું મૂળ શું છે ?

ત્યારે તે ચોક્ષા પરિવ્રાજિકા વિદેહી મલ્લિકુમારીને આ પ્રમાણે કહે છે—હે દેવાનુપ્રિયે ! અમારા ધર્મનું મૂળ **શૌચ** છે.

જેમ આપણું કંઇક અશુદ્ધ થાય તો તેને પાણી કે માટીથી યાવત... અડચણ વિના સ્વર્ગે જઈશું. ત્યારે મલ્લિ-વૈદેહી ચોકખા પરિવ્રાજિકાને આ પ્રમાણે કહે છે—હે ચોકખા ! જેમ કોઇ પુરૂષ લોહીવાળા કપડાને લોહીથી જ ધોવે તો હે ચોકખા ! લોહીમય કપડાને લોહીવડે ધોવામાં કયા પ્રકારની શુદ્ધિ થાય ? એ વાત બરાબર નથી ( શુદ્ધિ થતી નથી ) હે ચોકખા ! એ જ રીતે તમો પ્રાણાતિપાતથી યાવત....મિથ્યાદર્શનશલ્યથી કોઇ પ્રકારની શુદ્ધિ થવાની નથી જેમ તે રૂધિરમય વસ્ત્રને રૂધિરવડે ધોવામાં શુધ્ધિ થતી નથી.

ત્યારે તે ચોકખા પરિવ્રાજિકા મલ્લિકુમારીએ એમ કહેવાથી શંકિતા—કાંક્ષિતા-વિચિકિત્સાવાળી અને ભેદિત બુદ્ધિવાળી બની રહી. મલ્લિકુમારીના ઉત્તરને ખોટો ઠરાવવા અસમર્થ થતાં મૌન બની ગઇ.

ત્યારે મલ્લિકુમારીની નોકરડીઓ તે ચોકખાને હીલણા કરે છે, નિંદે છે. ખીંસે છે, ( પાછળથી તિરસ્કારે છે ) તિરસ્કારે છે, કેટલીએક ક્રોધિત બનાવે છે, કેટલીક મોઢાને મચકોડે છે, કેટલીક અવાજ કરે છે અને કેટલીક તર્જના કરતી પીડે છે ત્યારબાદ તે ચોકખા વૈદેહી—મલ્લિકુમારીની દાસીઓ—ચેટીઓવડે નિંદાતી—હિલના કરાતી, ક્રોધિત યાવત....ધમધમતી વિદેહની શ્રેષ્ઠરાજકન્યા મલ્લિ-કુમારી પાસેથી ઉઠે છે, દ્વેષ ધરે છે, આસન લે છે, લઇને કન્યાના અંતઃપુરથી બહાર નીકળીને મિથિલાથી નીકળે છે. નીકળીને જ્યાં પંચાળદેશ છે, જ્યાં કાંપિલ્ય છે. ઘણા રાજેશ્વર યાવત્....પ્રરૂપણા કરતી રહે છે, ત્યારે તે જીતશત્રુ અન્ય કોઇ દિવસે અંતઃપુર પરિવાર સાથે વિંટાયેલો યાવત્....રહે છે ત્યારબાદ તે ચોકખા પરિવ્રાજિકાઓથી વીંટાએલી જ્યાં જિતશત્રુ રાજાનું ભુવન છે જ્યાં જિતશત્રુ છે ત્યાં આવે છે. આવીને પેસે છે, પેસીને જય—વિજયવડે જિતશત્રુને વધાવે છે. ત્યારે તે જીતશત્રુ આવતી ચોકખા પરિવ્રાજિકાને જુએ છે, જોઈને સિંહાસનથી ઉઠે છે, ઉઠીને ચોકખાને સત્કારે છે, સત્કારીને આસનવડે નીમંત્રે છે. ત્યારે તે ચોકખા પાણીથી ભીંજાએલ યાવત....આસન ઉપર બેસે છે. જિતશત્રુ રાજાને, રાજ્યને યાવત....અંતઃપુરને કુશલ સમાચાર પૂછે છે. ત્યારે તે ચોકખા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિતશત્રુ રાજાને દાનધર્મ યાવત્ વિચરે છે ત્યારે તે જિતશત્રુ પોતે તથા તેનું અંતઃપુર યાવત....વિસ્મય પામીને ચોકખાને એ પ્રમાણે કહે છે હે દેવાનુપ્રિય ! તમો ઘણાં ગામ–આકારમાં યાવત....ભમો છો, ઘણા રાજા ઇશ્વરના ઘરોમાં પ્રવેશ કરો છો. તો તે કોઈ રાજા વિગેરેનું એવું અંતઃપુર દેખ્યું છે ? કે જેવું મારૂં અંતઃપુર છે ત્યારે તે ચોકખા પરિવ્રાજિકા જિતશત્રુને જરા હસતી કહે છે—હે દેવાનુપ્રિય ! તું કૂપમંડુક જેવો છે. હે દેવાનુપ્રિય કૂપમંડુક કેમ ?

હે જિતશત્રુ ! જેમ કોઇ કૂપમંડુક હોય ! જે કુવામાં ઉત્પન્ન થઇ ત્યાંજ વધે અને બીજા કુવા, તળાવ, દ્રહ, સરોવર કે સમુદ્રને નહીં જોવાથી એમ માને કે આ કુવો તે જ કુવો છે યાવત્....સમુદ્ર છે. ત્યારબાદ તે કુવામાં કોઇ સમુદ્રનો દેડકો આવી પહોંચે ત્યારે તે કુવાનો દેડકો તે સમુદ્રના દેડકાને આ પ્રમાણે પૂછે —કે હે દેવાનુપ્રિય ! તું કોણ છે ? તું અહીં કયાંથી જલ્દી આવી પહોંચ્યો ? ત્યારે તે સમુદ્રનો—કુવાના દેડકાને આ રીતે બોલે છે—હું સમુદ્રનો દેડકો છું.

ત્યારે તે કુવાનો દેડકો તે સમુદ્રના દેડકાને આ પ્રમાણે કહે છે દેવાનુપ્રિય ! તે સમુદ્ર કેવડો મોટો છે ? જ્યારે તે સમુદ્રનો દેડકો કુવાના દેડકાને ઉત્તર આપે છે—હે દેવાનુપ્રિય ! સમુદ્ર ઘણો મોટો છે.

ત્યારબાદ તે (કુવાનો) દેડકો પગથી રેખા પાડે છે અને પૂછે છે કે—હે દેવાનુપ્રિય ! સમુદ્ર આવડો મોટો છે ? ના ના તેમ નથી; સમુદ્ર ઘણો મોટો છે. હવે તે કુવાનો દેડકો પૂર્વ તરફથી કુદીને સામે કાંઠે જાય છે અને પૂછે છે—કે હે દેવાનુપ્રિય ! તે સમુદ્ર આટલો વિશાલ છે ? નહીં, નહીં, એમ નથી.

તેમ આ જ રીતે હે જિતશત્રુ ! તું પણ અન્ય અનેક રાજા ઇશ્વર—યાવત્.... સાર્થવાહ વિગેરેની સ્ત્રી, બેન, પુત્રી કે પુત્રવધૂને નહીં દેખવાથી એમ માને છે કે મારે જેવું અંતઃપુર છે તેવું બીજાને નથી.

ખરેખર હે જિતશત્રુ ! તે મિથિલાનગરમાં કુંભની પુત્રી પ્રભાવતીની આત્મજા મલ્લિકુમારી છે. તે મલ્લિકુમારીરૂપથી યૌવનથી યાવત....એવી છે કે તેવી કોઇ અન્ય દેવકન્યા પણ નથી. એ વિદેહની શ્રેષ્ઠરાજકન્યાના છેદાએલ પગના અંગુઠાની શોભાની લાખમી કળાને પણ તારૂં અંતઃપુર યોગ્ય નથી એમ કહીને જે દિશાએથી આવી હતી તે દિશામાં ( ચોકખા ) ચાલી ગઇ.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દષ્ટિએ. )

( ગતાંક પૃષ્ઠ ૧૧૨ થી શરૂ )

### લે૦ મુનિ ન્યાયવિજયજી.

આખા પહાડ ઉપર આ મંદિરમાં જ મૂર્તિઓ છે. મૂળનાયક શ્રી પાર્શ્વનાથ પ્રભુની ચમત્કારિક મૂર્તિ છે. મંદિર બહુ જ સુંદર અને રળીયામણું છે હમણા સુંદર રંગોથી વિવિધ પ્રકારના ચિત્રોનું આલેખન થયું છે. ( ઝરીયાના શેઠ કાલીદાસભાઇ જસરાજ તરફથી કરાવવામાં આવેલ છે. ) બીજી મૂર્તિઓ પણ સુંદર અને પ્રભાવશાલી છે મંદિરને ફરતો કિલ્લો છે જેમાં શ્વેતાંબર જૈનો જ આવી શકે છે. આ મંદિર દિ૦ના ઝઘડાથી તદ્દન મુક્ત છે એટલે વ્યવસ્થા આદિ સારી છે. દરેક શ્વે૦ શ્રાવકો અહીંથી નાઇ, ધોઇ, પૂજા કરી બીજે બધે પૂજા કરવા જાય છે. જળ મંદિરથી નીકળી સામે જ શુભગણધરની દેરીએ જવાય છે. હાલમાં ત્યાંથી પાદુકા જળમંદિરમાં લાવીને પધરાવવામાં આવેલ છે. દેરી ખંડિત છે. પ્રથમ પહાડ ઉપર આવવાનો આ સરલ માર્ગ હશે તેમ લાગે છે. ત્યાંથી પાછા જળમંદિર આવી ધર્મનાથપ્રભુ, સુમતિનાથપ્રભુ, શાંતિનાથપ્રભુ, મહાવીરસ્વામી, સુપાર્શ્વનાથ, વિમલનાથ, નેમનાથ અને છેલ્લે પાર્શ્વનાથ પ્રભુની દેરીએ જવું. જળમંદિરથી ૧ાા માઇલ દૂરથી મેઘાડંબર ટુંક ઉપર શ્રી પાર્શ્વનાથ પ્રભુની દેરી છે.

પાર્શ્વનાથ પ્રભુનું મંદિર ઉંચી ટેકરી ઉપર આવેલ છે. ૮૦ પગથીયા ચડવા પડે છે. એકતો શિખરજીનો પહાડ ઉંચો છે જ તેમાં આ તેનું ઉંચામાં ઉંચું શિખર છે, દુરથી દેખાતું અને આકાશની સાથે વાતો કરતું હોય તેવું મંદિરનું સફેદ-ઉજ્વલ શિખર ખરેખર બહુ જ હૃદયાકર્ષક લાગે છે. અહાંથી પહાડનો દેખાવ બહુ જ રળીયામણો લાગે છે. આખા પહાડની લગભગ બધી દેરીઓનાં દર્શન થાય છે, નીચે ચોતરફ લીલીછમ-હરીયાળી ભૂમિ નજરે પડે છે, દૂર દૂર ચાના બગીચા દેખાય છે. પાર્શ્વનાથ પ્રભુની ટેકરીની સામે જ શ્રીચંદ્રપ્રભુની ટેકરી છે. બેઉ અનુક્રમે પૂર્વ અને પશ્ચિમના કિનારે ઉભી છે. આખા પહાડ ઉપર ફરતાં છ માઇલ થાય છે. પાર્શ્વનાથ પ્રભુના મંદિરનો જીર્ણોદ્ધાર કલકત્તાના પ્રસિદ્ધ દાનવીર રાયબદ્રીદાસજીએ કરાવેલ છે. મંદિરની નીચે ઓરડીમાં શ્વે૦ પેઢીના પૂજારી તથા સિપાઇ રહે છે. આ પાર્શ્વનાથજીની ટેકરીનું મંદિર આ પ્રદેશના ઘણા માઇલ સુધી બહુ જ ભક્તિ અને શ્રદ્ધાથી પૂજાય છે. તેના અનેક નામ છે. " **પારનાથમણિમહાદેવ, પારસમણિમહાદેવ, પારશનાથમહાદેવ**, પારસનાથબાબા, ભયહરપાર્શ્વનાથ, કાળીયાબાબા આદિ અનેક ઉપનામોથી અહીંની અજૈન પ્રજા પ્રભુને રોજ સંભારે છે, ભકિતથી નમે છે અને ઉપર જઇ ચરણ ભેટે છે. અમે તો અહીંની પ્રજામાં ત્યાં સુધી સાંભળ્યું છે કે " જે પારસનાથ નથી ગયો તે માતાના પેટે જન્મ્યો જ નથી " અર્થાત્ તેનો જન્મ વ્યર્થ ગયો છે. આટલી અટલ શ્રદ્ધા રાખનાર એ પ્રજાના હૃદયમાં કેટલી ભક્તિ અને માન હશે તે કલ્પવું મુસ્કેલ નથી. આ સ્થાને શ્રી આદિનાથ પ્રભુ, વાસુપૂજ્યપ્રભુ, શ્રી નેમનાથપ્રભુ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમાત્મા શ્રી વીરવીભુ સિવાયના વીશ તીર્થંકર અહીં અણસણ કરી નિર્વાણ પામ્યા છે. આ સિવાય અનેક ગણધરો, સૂરિપુંગવો અને સ્થવીર મુનિમહાત્માઓ નિર્વાણ પામ્યા છે. સ્થાન બહુ જ પવિત્ર અને શાંત છે. છેલ્લે શ્રીપાર્શ્વનાથ પ્રભુ અને તેમનો શિષ્યવૃન્દ અત્રે નિર્વાણ પામેલ હોવાથી આ પાર્શ્વનાથ પહાડ કહેવાય છે. શીખરજીને શ્રીશત્રુંજય-સિદ્ધાચલની સમાન ગણાવ્યો છે. જૂઓ:—

સમેતાચલ શત્રુંજય તોલે સીમંધરજીણવર ઇમ બોલઇ એહ વયણ નવિ ડોલઇ ॥ ૪૯ ॥
સીધા સાધુ અનંતા કોડી અષ્ટ કર્મ ઘન સંકલ ત્રોડી વંદુ બે કર જોડી ॥
સિદ્ધક્ષેત્રજીણવર એક લઇ પૂજી પ્રણમી વાસઇ રહી મુગતિ તણા સુખલહીયઇ ॥ ૫૦ ॥

( જયવિજય વિરચિત સમ્મેતશીખરતીર્થમાળા ) પ્રાચીન તીર્થમાળા પૃ. ૨૮

આવું મહાન્ મહાત્મ્ય શીખરજીનું છે.

પાર્શ્વનાથ પ્રભુની ટેકરી નીચે ઉતરીને જતાં સરકારી ડાક બંગલો આવે છે. અહીંથી નીમીયાઘાટનો એક રસ્તો છે અને બીજો મધુવન જાય છે. ઉપરના ડાક બંગલાથી નીમીયાઘાટનો ડાગ બંગલો પાા માઇલ દૂર છે. રસ્તો સારો છે. અંહી સુધી ઘોડેસ્વાર ઉપર આવી શકે છે, યાત્રાળુઓ તો પ્રાયઃ મધુવનજ ઉતરે છે, ખાસ ઇસરીથી નીમીયાઘાટ થઇ ઉપર ચઢેલ યાત્રીઓ જ નીમીયાઘાટના રસ્તે ઉતરે છે. આ આખો રસ્તો આણંદજી કલ્યાણજીની પેઢી સમરાવે છે, તેનોજ હક્ક છે તેમજ મધુવનનો માર્ગ શ્વેતાંબર કોઠીજ સમરાવે છે તેનો જ હક્ક છે. મધુવનથી ઉપર જતાં પથ્થરનો બાંધેલ રસ્તો આવે છે બીજો પણ રસ્તો તો છે જ નીચે ઉતરતાં વચમાં શ્વે૦ તલાટીમાં ભાતુ લઇ યાત્રાળુઓ નીચે શ્વે૦ ધર્મશાળામાં જાય છે. આ શીખરજી પહાડ મોગલ સમ્રાટ અકબરે કરમુક્ત કર્યો હતો. જગદ્‌ગુરૂ શ્રીહીરવિજયસૂરીશ્વરજીને અર્પણ કરેલ હતો અને ત્યારપછી બાદશાહ અહમદશાહે ઇ. સ ૧૭૫૨ માં મધુવન કોઠી, જયપારીયા, નાલુ, પ્રાચીન નાલું, જલહરી કુંડ, પારસનાથ તલાટીની વચ્ચેનો ૩૦૧ વીઘા વચ્ચેનો પારસનાથ પહાડ જગતશેઠ મહતાબરાયને ભેટ આપ્યો છે, ( અહીં જગત શેઠે મંદિર પણ બંધાવ્યું છે. ) જેમાં શીતાનાલાનું નામ શીતનાલા લખ્યું છે; ( તા. ૧૯-૩ ૧૮૩૮ માં શામાચરણ સરકારે કરેલ પર્શયન ભાષાંતરનો સાર ) તથા પાદશાહ **અબુઅલિખાન** બહાદૂરે ૧૭૫૫ માં પાલગંજ-પારસનાથ પહાડ કરમુક્તકર્યો હતો,

પહાડ ઉપર જવાના રસ્તા પણ અનેક છે. ટોપચાચીથી તો પગદંડી રસ્તે ૪ ગાઉ જ થાય છે, ચંદ્રપ્રભુની ટુંકથી પણ ચડાય છે. શુભગણધરની ટેકરીથી પણ જવાય છે, પણ અત્યારે તો તે બધા પ્રસિદ્ધ નથી. પહાડમાં અનેક સુંદર ગુફાઓ છે, તેમાં ચન્દ્રપ્રભુવાળી બધાથી મોટી છે. ધ્યાન કરવાને યોગ્ય છે. કયાંક હિંસક પશુઓ પણ રહે છે, તેની તદ્દન નીચે જ સુંદર બગીચો છે. અનેકવિધ વનસ્પતિઓ અને ઔષધિઓનો ભંડાર છે. સાક્ષાત્ અમરવન હોય તેવું રૂડુંરૂપાળું અને શાંતિનું ધામ છે. અહા ! આવા પવિત્ર સ્થાનોમાં જ ત્યાગમૂર્તિ મુનિમહાત્માઓએ શુકલધ્યાન ધરી કેવળજ્ઞાન યાવત્, મોક્ષ પણ પ્રાપ્ત કર્યું હતું. આજે પણ તે સ્થાન તેવુંજ પૂનિત વાતાવરણથી ભર્યું છે. આ તીર્થની યાત્રા કાર્તિકી પૂર્ણિમાથી ફાલ્ગુન શુદિ પૂર્ણિમા સુધી સારી રીતે થાય છે. પછી અહીંનું પાણી ખરાબ થાય છે. ફાલ્ગુની પૂર્ણિમા પછી પાણીમાં મેલેરીયાના જંતુ અસર કરે છે. અને તે પીનાર મહીનાઓ સુધી મેલેરીયાથી પીડાય છે. આ અમારો જાતિ અનુભવ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીચે મધુવનથી પહાડને રસ્તે ( પગદંડીનો રસ્તો છે. ) [1]ઇસરી સ્ટેશન ૧૦ થી ૧૧ માઇલ થાય છે. E. I. R. મેન લાઇનનું સ્ટેશન છે. સ્ટેશનની સામે સુંદર શ્વેતાંબર ધર્મશાળા છે અહીં આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી વ્યવસ્થા ચાલે છે. યાત્રિઓને બધી જાતની સગવડ મળે છે, પરન્તુ જેમ બધે બને છે કે દૂરવાળા વહીવટ ન કરી શકે તેમ અહીં પણ તેવું જ અનુભવાયું. પેઢીના મેનેજર પાર્શ્વનાથ હીલ ( શીખરજી પહાડ ) ની બરાબર વ્યવસ્થા નથી રાખી શકતા પહાડનું ઉત્પન્ન પેઢીને બરાબર નહીં મળતું હોય તેમ લાગ્યું. ખાઉકણ વૃત્તિ અને ઝગડામાંથી કોઈ ઉંચું નથી આવતું. લાંચ, રૂશ્વત અને લાગવગનું પણ જોર છે. હિન્દની પ્રસિદ્ધ પેઢીના વ્યવસ્થાપકો લગાર લક્ષ આપી કામ કરે તો–કરાવે તો પહાડ એટલો કમાઉ છે કે આટલા વર્ષે મૂળ રકમ વ્યાજ સહિત મળી ગઇ હોત.

આ પહાડ મૂળથી જ શ્રી શ્વેતાંબર સંઘની માલેકીનો જ હતો. પરન્તુ વચમાં પાલગંજના રાજાની દખલ થતી હતી; તેમજ અંગ્રેજો હવાખાવા અને અહીં રહેવા માટે બંગલાઓ બંધાવવા તથા .........નું કારખાનું બંધાવવાના હતા. તે સમયે જૈન સંઘે ખૂબ પ્રોટેસ્ટ ઉઠાવેલો અને છેવટે અમદાવાદના પ્રસિદ્ધ ધર્મવીર અને દાનવીર **શેઠ લાલભાઇ દલપતભાઈ** એ આખો પહાડ વેચાતો લઇ આપણી પ્રસિદ્ધ આણંદજી કલ્યાણજી ની પેઢીને આપ્યો હતો. આજ આખા પહાડ ઉપર આ. ક. પેઢીની સાર્વભૌમ સત્તા છે, અર્થાત્ નીચેથી ઉપર સુધીનો આખો પહાડ આ. ક પેઢીનો જ છે. યદિ વ્યવસ્થા બરાબર રહે અને પ્રમાણિક મુનિમ મળે તો ઘણો લાભ થાય તેવું છે. દિગંબર ભાઇઓએ અવારનવાર ઝઘડા કરી કોર્ટમાં હજારોનો ધૂમાડો કર્યો, તેમના વડીલ બન્ધુ શ્વેતાંબરોને ખૂબ હેરાન કર્યા છતાં અન્તે તેઓ કયાંય ફાવ્યા તો નથી જ. તેઓ સમજી શાંતિથી યાત્રાનો લાભ લઇ આત્મકલ્યાણ કરે એ ઇચ્છવા યોગ્ય છે.

આવી જ રીતે એક સૂચના મારે કરવી પડે છે. બેશક તે માટે મને અત્યન્ત દઃખ છે પણ લખ્યા સિવાય ચાલે તેમ પણ નથી. મધુવનમાં શ્વેતાંબર પેઢી છે તેના મુખ્ય મેનેજર બાલુચરવાસી બાબુજી શ્રીયુત્ મહારાજા બહાદુરસિંહજી કરે છે. પૂર્વ દેશનાં ઘણા તીર્થોના તેઓ વ્યવસ્થાપક છે પણ એક ચંપાનગર સિવાય લગભગ બધે અંધેર જ છે. મુનીમો આપખૂદ દોર ચલાવે છે. હિશાબમાં પણ વ્યવસ્થા ચોકખી ન મળે. રિપોર્ટ પણ વર્ષોથી બહાર નથી પડતો. શીખરજી અને ક્ષત્રિયકુંડ માટે તેમના કાને પુષ્કળ ફરિયાદો ગયેલી છે પણ મહારાજા સાહેબને જાગીને વ્યવસ્થા કરવાની ફૂરસદ નથી.હું તો કહું છું કે આત્માના શ્રેય માટે, તીર્થના હિત માટે અને સંઘની સેવા અર્થે સારી વ્યવસ્થા કરવાની જરૂર છે. મધુવનથી અમે નીમીયાઘાટને રસ્તે ઇસરી આવ્યા. અહીંથી **કલકત્તા** ૧૯૮ માઇલ થાય છે.

શિખરજી માટેનું સુંદર ઐતિહાસિક વર્ણન ઘણું મળે છે, કિન્તુ લંબાણના ભયથી ટુંકમાં જ ઉતારા આપું છું.

" છઠ્ઠા **પદ્મપ્રભજીનદેવ ત્રણસઇ** અઠ્ઠતવંસી સિઉંહેવ, મુગતિ વર્યાંઝ–તેવ
**શ્રીસુપાસ સમેતાચલ** શૃંગઇ **પંચસયમુનિ સિઉં** મુનિ ચંગઇ મુગતિ
ગયા રંગઈ. ૪૫

---

[1] આ ઇસરી સ્ટેશનનું નામ હમણા તા. ૧૫-૮-૩૨ થી બદલવામાં આવ્યું છે. અને **પાર્શ્વનાથ સ્ટેશન** રાખવામાં આવ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**છ સહસમુનિ વરસા** થઇ સીધ, **વિમલ જીનેસર** શિવપદ લીધ સયલ કરમખય કીધ,
**સાત સહસમુનિસ્યુ પરિવરિયા અનંતનાથ શિવરમણી** વરીયા ભવસાગર
પાર ઉતરીયા. ૪૬

**અઠુસયાં મુનિવસ્યું** જુત્તા **ધર્મનાથ** જીન મુગતિ પહુત્તા, તિથ્થેસર જયવંતા,
**શાંતિનાથ નવકાય** સિંઉ જાણ **પંચસયાસ્યું મલ્લિવખાણ** સમેતશિખર
નિરવાણ. ૪૭

તેત્રીસ મુનિ વરયું **જીનપાસ** મુગતિ પહુતા લીલવિલાસ પૂરઇ ભવિઅણ આસ,
અજિતાદિક જીણવર સુહકાર **સહસ-સહસ** મુનિ પરિવાર પામ્યા ભવનો પાર. ૪૮

એણિં ગિરિવીસ તીર્થંકર સીધી વીસ ટુંક જ ગિહૃઆ પ્રસિધા પૂજી બહુફલ લીધ,
સમેતાચલ શત્રુંજય તોમઇ સીમંધર જીણવર ઇમ બોલઈ એહ વયણ નવિ ડોલઇ ૪૯

સમેત ગિરિવર સમેત ગિરિવર કરૂં વષાણ રસપૂરિ રસકૂંપિકા વિવિધે વલી ઉધી સોહઇ,
અચચ્છાંહદ્રુમ દીપતો વજખાણી ત્રિણ ભૂવન મોહઇ; સયલ તીર્થમાંહિ રાજઉ એ
**સિદ્ધષેત્ર સુ ધામ.**

**મહિમા પાર ન પામઇ વલી કરૂં** પ્રણામ.

જયવિજયવિરચિત સમેતશિખરતીર્થમાળા. પૃ. ૨૮

શિખરજીથી કલકત્તા જતાં **ઝરીયા** ગયા હતા. ઇસરીથી ઝરીયા ૨૪ માઇલ દૂર છે. વચમાં એક મોટું **વોટર વર્કસ** આવે છે. શિખરજી પહાડનું પાણી રોકી તેને શુદ્ધ કરી ત્યાં કોલીયારીમાં અને ઝરીયામાં તે પાણી પહોંચાડવામાં આવે છે. અહીંથી શીખરજી પહાડનો દેખાવ બહુ જ મનોહર અને ચિત્તાકર્ષક દેખાય છે. પહાડનો પાછલો ભાગ પણ સુંદર જોવા યોગ્ય છે. ઝરીયામાં સુંદર નાનું જીનભૂવન અને ઉપાશ્રય છે. ગુજરાત-કાઠીયાવાડના શ્રાવકોનાં ઘર છે. શ્રાવકો ભાવિક છે. ઝરીયામાં ચોતરફ કોલસાની ખાણો છે. અહીંથી બંગાલ શરૂ થાય છે. બાકરમાં ૧ ઘર છે. બરદ્વાનમાં બે ઘર છે. આ એ જ બરદ્વાન-**વર્દ્ધમાનનગરી** છે કે જ્યાં પ્રભુ મહાવીરને યક્ષનો ઉપસર્ગ થયો હતો. અમે સ્થાનની તપાસ કરાવી પણ અત્યારે પૂરો પત્તો નથી મળતો, પરન્તુ એક લોકવાયકા મળે છે કે અત્યારના બરદ્વાનથી ત્રણ માઇલ દૂર જુનું **વર્દ્ધમાનનગર** હતું. ત્યાં નદીકાંઠે કોઇ-× × × ની દેરી પણ હતી પરન્તુ કરાલ કાલના મોઢામાં બધુ હોમાઇ ગએલ છે. જુની નગરીના ખંડિયેરો મળે છે. નદીકાંઠે એક દેવની ખંડિત દેરીમાં મેળો ભરાય છે. લોકો અનેક પ્રકારની માનતાઓ માને છે. એટલે ઉપસર્ગવાળી નગરી આ લાગે છે. અહીંથી આસનસોલ જવાય છે. ત્યાં શ્રાવકોના ૪-૫ ઘર છે. અહીંથી હાવરા થઇ બંગાળના[1] અનેક કડવા. મીઠા અનુભવો મેળવતાં, અહિંસાનો ઉપદેશ દેતા **કલકત્તા આવ્યા.**

૧ બંગાળનું વર્ણન ખાસ કરવા યોગ્ય છે, પણ અહીં લંબાણના ભયથી તેમ નથી કર્યું. બાકી આ પ્રદેશનો કષ્ટપ્રદ વિહાર, ઉનાળાની ભયંકર ગરમી, ઉતરવાના સ્થાનોનો અભાવ અને માંસાહારના પરમ ઉપાસક (?) બંગાળીઓના પરિચયનો સવિસ્તર હેવાલ લખવા બેસું તો વાંચકોનાં રોમાંચ ખડાં થઇ જાય તેમ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈનોની સંઘ સ્થિતિ અને શુદ્ધિ તેમજ સંગઠનની જરૂરીઆત

લેખક:—ભોગીલાલ પેથાપુરી,

વર્તમાનકાલની પ્રગતિનો વિચાર કરતાં આપણે સમજવું જરૂરનું છે કે આ યુગ વ્યાક્તસ્વાતંત્ર્ય શુદ્ધિ અને સંગઠનનો છે. તેની અંદર મુખ્ય વસ્તુ એ છે કે કોઈના હક્ક પર ત્રાપ મારવી ન જોઇએ. હાલમાં ગમે તેવા મનુષ્યને ગમે તેવી રીતે વર્તન કરવાની ઉત્કંઠા હોય છે. બીજાના હક્ક પર ત્રાપ પડતી હશે તો પરંપરાગત ચાલી આવતી ધર્મરૂઢી બરાબર પાળી નહિ શકે. કોઇ-પણ વ્યક્તિ હૃદયપૂર્વક પોતાની વર્તણુક ચાલુ રાખે તો એવી કોઇ સમાજ શક્તિ નથી કે તેમ કરતાં અટકાવી શકે.

પહેરવેશ, ખાવાપીવા તેમજ લગ્ન સંબંધી સામાજિક કાર્યમાં અત્યાર-સુધી બંધનો હતા અને હજુ પણ ચાલુ છે. અત્યારનો જમાનો વ્યકિત સ્વાતંત્ર્યનો છે, અને તે પ્રમાણે વર્તન કરવામાં કોઇ બીજી વ્યકિતની રોકાવટ થતાં તેને કાયદાની ચુંગાળમાં સપડાવું પડે છે. એટલે જ અત્યારે એકંદર વ્યકિત સ્વાતંત્ર્યની બાજુ ઝડપભેર વધતી જાય છે. આ વ્યકિતસ્વાતંત્ર્યનો દુરૂપયોગ ન થાય અને તેને સુરક્ષિત રાખવા માટે શુદ્ધિ અને સંગઠનની જરૂરીયાત છે, અને તેમ કરતાં અત્યારે સમાજ હરકત તો ન જ કરી શકે.

આપણા સમાજની સંખ્યા એકંદર અગીઆર લાખની છે, તેમાં પણ પંથભેદ, પ્રાંતભેદ, ભાષાભેદથી આખો સમાજ કટકામાં વેચાઇ ગયો છે. હિંદુ—મુસલમાનની સાથે કોઇ કાળે ઐકય થાય પરંતુ જેમાં ઐકય સાધવાનો એકે માર્ગ ખુલ્લો નથી એવી એક પણ કોમ હોય તો તે આપણી જૈન સમાજ છે; અને તેમાં પણ દિગમ્બર, શ્વેતામ્બર મોટા બે પંથ છે અને ત્રીજો પંથ મૂર્તિને નહિ માનનાર સ્થાનકવાસીનો ગણવામાં આવે છે. પ્રત્યેક પંથના ધર્મગ્રંથ જૂદા, ધર્મગુરુઓ જૂદા અને આચાર—વિચાર પણ જૂદા. ફકત દેવ એક જ તેમ તીર્થ પણ એક જ હોય છે ! આમ હોવા છતાં પણ પંથભેદે એવું તીવ્ર સ્વરૂપ પકડયું છે કે એકમેકન ધર્મને ગળી જવા, એકમેકના પંથને લયલાટ કરવા અને તીર્થને પચાવી પાડવા લાખો—કરોડો રૂપીઆનું પાણી કરવામાં આવે છે, મારામારી પણ થાય છે અને આખી સમાજમાં વેરઝેર પ્રવર્તેલું જોવામાં આવે છે.

આપણો જૈન સમાજ હિંદુસ્તાનના ઘણા ભાગમાં વસેલો છે. રેલ્વેના સાધનથી એક પ્રાંતનો મનુષ્ય બીજા પ્રાંતમાં સહેજે જઈ શકે છે અને ત્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાયમનું રહેઠાણુ કરી રહે છે. આથી પ્રાંતભેદ વધુ ને વધુ પ્રબળ થતો જાય છે. દાખલા તરીકે ગુજરાતી જૈન બચ્ચો પંજાબ, બંગાલ કે બીજા દેશોમાં જઇ વસે છે; પરંતુ ત્યાંના જૈન સાથે એકહૃદય થતો નથી. માત્ર અહીના મૂળ ગુજરાતીથી જૈન બચ્ચાઓથી અલગ રહે છે, તેથી આખી સમાજ પ્રાંતકભેદ, ભાષાભેદ વિગેરેને અગ્રસ્થાને મુકવાથી જ આપણી જૈન સમાજ દુ:ખદ પરિસ્થિાતમાંથી પસાર થાય છે.

બીજી બાબત એ તપાસવાની છે કે આપણા સમાજમાં બાળલગ્ન, વૃદ્ધલગ્ન, કન્યાવિક્રય જેવા દુષ્ટ રિવાજો તેમજ આડંબરી ઉત્સવો જેવાં અનીષ્ટ બંધનોથી આખો સમાજ રાક્ષસી પંજામાં સપડાઇ તરફડીયાં મારી રહ્યો છે. બાળવિવાહથી સ્ત્રી–પુરૂષ પોતાની આયુષ્ય મર્યાદા ટુંકાણમાં પતાવી દે છે. વિષયના કીડા બની માંયકાંગલા જેવું જીવન પુરૂં કરે છે. નતો તે ધર્મ કરણી સારી રીતે કરી શકે યા નતો તે સામાજિક કાર્યમાં પુરો રસ લઇ શકે અને છેવટે નિર્બળ-નિસ્તેજ પ્રજા વારસામાં મુકી મરણને સ્વીકારે છે.

શ્રીમંત વૃદ્ધો બાર વરસની બાળા સાથે લગ્ન કરી તેના જીવનને ધૂળ-ધાણી કરી મુકે છે, જયારે બાળા ભરયૌવનના આંગણે ઝોલા ખાતી હોય ત્યારે બુઢ્ઢાજી મરણને શરણ થાય છે, અને અકાળે વૈધવ્યનો બોજો બીચારી અજ્ઞાન બાળાપર બળજબરીથી લાદવામાં આવે છે. આથી સમાજમાં છુપા અનાચારો, વ્યભિચારો અને અનેક ગર્ભપાતો થાય, અને શારીરિક માનસિક અને ધાર્મિક વાતાવરણ હણાતું ચાલી તેની અધોગતિ વોરી લે તેમાં આશ્ચર્ય શું ? આવી રીતની કુપ્રથાઓ અને અનીષ્ટ બંધનોથી આખો સમાજ સળગી રહ્યો છે, અને આવી રીતે સળગી રહેલો સમાજ અધમ સ્વાર્થને પોષણ આપે છે.

આપણા સંઘની વર્તમાન સ્થિતિની તપાસ કરવાની તક લઇએ તો જરૂર આપણને જણાશે કે ભૂતકાળની સ્થિતિ અને આ સ્થિતિમાં ઘણો તફાવત છે. મહાવીરપ્રભુના કાળ સુધી લગભગ ભરતખંડમાં ઘણુ ભાગે જૈનોની સંખ્યા સારા પ્રમાણમાં હતી. ત્યારબાદ બૌધની સંખ્યા વધી અને તેમની હકાલપટ્ટી પછી હાલમાં માંસભક્ષણ કરનારાની સંખ્યા વધુ પ્રમાણમાં નજર આવે છે. પ્રભુ મહાવીર તેમજ તેમના પછાત આચાર્યો એક ઠેકાણે બેસી ઉપદેશ નહોતા આપતા; પણ સમસ્ત ભારતખંડ યા બીજા ખંડોમાં વીચરી જૈન તત્ત્વજ્ઞાનનો પ્રચાર કરતા. તેવી સ્થિતિ તેમની પાછળ લાંબો વખત ચાલી. ઘણાએ તેમના ચીલે ચીલે ચાલી રાજ્ય કર્યું. બુદ્ધિનો તેમજ જૈનીઝમનો પ્રચાર કર્યો. પોતાના ચારિત્રબળ પર તીર્થોની રક્ષા કરી. ત્યારે જ અત્યારે ભાંગીતૂટી સ્થિતિમાં અનેક હુમલાઓ છતાં જૈનધર્મનો વાવટો ફરકી રહ્યો છે. એકંદર પહેલાંની હીસ્ટ્રી તપાસતાં આખો સમાજ આદર્શભૂત ચારિત્રવાન અને પંડિતવર્ગમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગણાતો, અને હમણાં સુધી પણ જેમ તેમ ટકાવી રાખવાની જહેમત ઉઠાવી રહેલા; પરંતુ અફસોસની વાત તો એ છે કે અત્યારે આપણો આખો સમાજ કેવા દાવાનળ નીચે રેંસાઇ રહ્યો છે, તે તપાસવાની ક્યાં તક છે ?

અત્યારે આવી પરિસ્થિતી હોવા છતાં પણ દિગમ્બર મુનિશ્રી શાંતિસાગરજી શ્વેતામ્બર આચાર્યશ્રી વલ્લભવિજયજી, ન્યાયવિજયજી જેવા સાધુગણો દેશોદેશ વિચરી જૈનધર્મની પ્રભાવના ફેલાવવા, જૈન સાહિત્ય તેમજ જૈન તત્વજ્ઞાનનો પ્રચાર કરવા તનતોડ મહેનત કરી રહ્યા છે, ત્યારે આપણા બીજા સાધુમહારાજો નિયમિત ગામ છોડી બીજે વિચરવાની પ્રવૃતિમાં પડતા લાગતા નથી. જે દેશમાં જૈન સાહિત્યનો થોડોઘણો પ્રચાર છે, તત્વજ્ઞાનની પ્રરૂપણા છે, આચારવિચાર પણ થોડા અંશે સુધરેલા છે એ દેશમાં સાધુઓનો ઘણો ભાગ પડયો રહે એથી જૈન ધર્મનો પ્રભાવ પાડી શકતા નથી અને જૈન સાહિત્યનો પ્રચાર થતો અટકે છે. પરંતુ ઉપર કહ્યા તેવા મુનિમહારાજોની માફક દેશોદેશ વિચરી જૈન સાહિત્ય વિસ્તારે તો અત્યારે જે કોમ હણાતી ચાલી છે તે હણાતી બચે પંજાબ વિગેરે દેશોમાં અત્યારે ઘણા એવા જૈન ભાઇઓ છે કે અમો જૈન છીએ એટલું સમજવા ઉપરાંત જૈન ધર્મના તત્વોની કે આચારવિચારની પણ ખબર નથી. ત્યારે તે જતે દિવસે અમો જૈન છીએ એ પણ ભૂલી જાય તેમાં નવાઇ શું ?

અત્યારે જૈન મુનિઓનું મુખ્ય કર્તવ્ય એ હોવું જોઇએ કે દેશોદેશ વિચરી, બીજા ધર્મની સાથે વાદવિવાદ કરી, દલીલપૂર્વક મન પર ઠસાવી જૈન ધર્મની ઉંડી છાપ મારવી. આચાર્યશ્રી વલ્લભવિજયજીએ બાર વર્ષ પંજાબમાં ગાળી ઘણા જૈન ભાઇઓ આચારવિચાર ત્યાગેલા તેઓને પણ ધર્મમાં પાછા સ્થીર કર્યા છે, આ તો એકની જ વાત થઇ, પણ આવા મુનિ મહારાજોના પગલે ચાલી આખી સાધુસંસ્થા આ પ્રવૃતિ રાખે તો જરૂરથી જૈન કોમની સંઘસ્થિતિ સુધરે.

પરંતુ આ પરિસ્થિતિ ટાળવા માટે કોઇને પડી હોય તેમ લાગતું નથી. જે હોય તે પોતાના જૂદા વાડા પોષવામાં અને પોતાનો પક્ષ મજબુત બનાવવાની પાછળ જ મશગુલ થઈ રહ્યા છે; આથી જૈન ધર્મનો હ્રાસ થતો ચાલી સમાજમાં અંધાધુંધી, સ્વાર્થ અને ક્લેશકંકાસ વધુ પ્રમાણમાં પોષાય છે. હાલના જમાનામાં શ્રીમાન્ વલ્લભવિજયજી તેમજ ન્યાયવિજયજી જેવા મુનિ મહારાજોની ખાસ જરૂર છે, એ જૈન કોમની દરેક વ્યક્તિએ ભૂલવાની જરૂર નથી.

હવે આપણે શુદ્ધિ અને સંગઠન પર આવીએ. આજે આપણી આટલી વિષમ સ્થિતિ ઉદ્ભવી હોય તો ફક્ત શુદ્ધિ અને સંગઠન ન કેળવી જાણ્યું તેને જ આભારી છે. દરેક કોમમાં મતભેદ તો હોય જ, પરંતુ તે મતભેદ એવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન હોવા જોઇએ કે જેથી ધર્મનો હ્રાસ થાય, કોમની છિન્નવિછિન્ન દશા થાય અને જૈન તત્વો ભુંસાતા જાય. મતભેદમાં પોતાનો પક્ષ મજબુત બનાવવા માટે આડું અવળું સમજાવવું પડે છે, અને અજ્ઞાની લોકો તેમાં ભરાઈ પડી પોતાની અધોગતિ વોરી લે છે. આવી રીતની વહોરેલી અધોગતિ છેવટે સમાજનું નીકંદન કાઢવામાં મદદગાર થાય છે.

આ દરેક પરિસ્થિતિ ટાળવા માટે સમસ્ત જૈન સમાજે એ પ્રશ્ન વિચારી લેવો ઘટે છે કે-હું મારા આત્માની ઉન્નતિ કયા પ્રકારે કરી શકું ? પંથભેદ ભૂલી જઇ આપણે એક જ વીરનાં સંતાન છીએ તેવી મનોભાવના કેળવવી જોઇએ. મહાત્માજીના ઉદ્દેશાનુસાર બાળવિધવાને વિધવા ગણી તિરસ્કાર ન કરતાં તેને શાન્તિ ઉત્પન્ન થાય, તેના આત્માની ઉન્નતિ થાય તેવી જોગવાઇ કરી આપવી જોઇએ. વૃદ્ધલગ્ન તેમજ બાળલગ્નની તો સમાજમાં એવી કડક રીત દાખલ કરવી જોઇએ કે તેનું અસ્તિત્વ ટળે; અને સત્ય પ્રથાઓ, ઉન્નતિકારક રૂઢીઓ સમાજમાં પુનઃ દાખલ કરવાની જરૂર છે. શારીરિક, નૈતિક અને આર્થિક તેમજ ધાર્મિક શક્તિ વધે તેવા આચારવિચાર રાખવાની જરૂર છે. આજે જૈન ધર્મમાં આવનાર વ્યક્તિ પછી ગમે તે કોમની હોય પરંતુ તેને મદદ કરી; ધર્મમાં સ્થિર કરવાની જરૂર છે. ચામડાનો વેપાર કરનાર વ્યક્તિ પણ જો જૈન ધર્મ પાળતી હોય તો તેને પણ સમાજમાં સ્થાન હોવાની જરૂર છે. આ પ્રમાણે વિચારોની વિશાળતા વધાર્યા સિવાય જૈન સમાજ લાંબો કાળ નભી શકશે કે કેમ તે પણ શંકાસ્પદ છે; માટે જ શુદ્ધિ અને સંગઠનની ખાસ આવશ્યક્તા છે.

દરેક પ્રાંતની, દરેક પંથની, વ્યક્તિ એ વિચારી લે કે આપણા સમાજની આર્થિક માનસિક અને ધાર્મિક મનોભાવના કેવી રીતે કેળવાય તો આ પ્રશ્ન આપણે જલદીથી ઉકેલી શકીએ તેમ છીએ.

આપણા સમાજની ભૂતકાલિન સ્થિતિ ઘણી જાહોજલાલી ભરી હતી તે સૌ કોઈ કબુલ કરશે. વર્તમાનકાળ ઘણો શોચનીય છે છતાં પણ ભવિષ્યકાળ આપણે ઉજળો બનાવી શકીએ; પરંતુ તે માટે કાર્ય કરવાની જરૂર છે. વ્યક્તિ-સ્વાતંત્ર્ય, શુદ્ધિ અને સંગઠન આ યુગધર્મ ઓળખી આપણે કાર્ય કર્યા સિવાય ન જ બની શકે. કંઇ પણ સુધારાવધારા કરતાં મુશ્કેલીઓ તો નડે જ, પરંતુ મુશ્કેલી સામે અડગ સામનો કરવો તે પ્રત્યેક મનુષ્યની ફરજ છે. બેસી રહેવામાં આપણી શોભા નથી માટે કોમના દરેક બાળ, યુવાન તેમજ વૃદ્ધો સમજી લે કે-આ જમાનો શુદ્ધિ, સંગઠન કેળવવાનો છે. આ સમજી મતભેદ ભૂલી જઇ, પ્રાંતભેદ અને પંથભેદનો નાશ કરી અમલમાં મૂકવામાં આવે તો થોડા વખતમાં જૈન સમાજ દુનીયાના દરેક સમાજ કરતાં ચડતીકળા ભોગવતો થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.

અનુવાદક—વિઠ્ઠલદાસ મૂ. શાહ

( ગતાંક પૃષ્ઠ ૯૩ થી શરૂ )

સ્ત્રીની પ્રતિમૂર્તિ અથવા સ્મરણુ મનને ક્ષુબ્ધ કરે છે, કામવાસના બળવાન બને છે. એ એક કુસુમ–બાણુ લઇને ચાલે છે, જેમાં મોહન, સ્તંભન, ઉન્માદન, એ શોષણુ અને તપનરૂપી પાંચ બાણો રહેલાં છે. વિવેક, વિચાર, ભક્તિ અને ધ્યાન એને એ ઘોર રોગનો મૂલોચ્છેદ કહે છે. જો કામ ઉપર વિજય મેળવાય તો ક્રોધ, લોભ વિગેરે આપોઆપ કુંઠિત થઇ જશે. રાગનું મુખ્ય અસ્ત્ર રમણી છે. જો એનો નાશ કરવામાં આવે તો એના અનુવર્ત્તી અને પરિજનોને ઘણી સ્હેલાઇથી જીતી શકાશે. સેનાપતિને માર્યા પછી સૈનિકોને મારવાનું સ્હેલું છે. વાસનાપર વિજય પ્રાપ્ત કરો, પછી ક્રોધને જીતી લેવાનું સ્હેલું છે. કેવળ ક્રોધ જ વાસનાનો અનુવર્તી છે.

જેવો સૈનિક કિલ્લામાંથી બહાર નીકળે કે તરતજ તે દરેકને મારી નાખો. છેવટે કિલ્લાપર તમારૂં આધિપત્ય થઇ જશે. એ રીતે પ્રત્યેક સંકલ્પ જે મનમાં ઉઠે તેને દરેકને નષ્ટ કરી દ્યો. અંતે તમારો મનપર અધિકાર થઇ જશે.

વિચાર, શાંતિ, ધ્યાન તથા ક્ષમાવડે ક્રોધપર વિજય પ્રાપ્ત કરો. જે મનુષ્ય તમારૂં નુકશાન કરતો હોય, તેના ઉપર દયા કરો, અને તેને ક્ષમા કરો, તિરસ્કારને સહન કરી લ્યો, સેવા–દયા તથા આત્મ–ભાવનાથી વિશ્વ-પ્રેમનો વિકાસ કરો. ક્રોધપર વિજય પ્રાપ્ત થશે એટલે ધૃષ્ટતા, અહંકાર અને દ્વેષ આપોઆપ નષ્ટ થઇ જશે. પ્રાર્થના તથા ભજનથી પણ ક્રોધ દૂર થઇ જાય છે.

સંતોષ, અભેદ, વિરાગ તથા દાનવડે લોભનું શમન કરો, અભિલાષાઓ ન વધારો. તમને કદિ નિરાશ નહીં થવું પડે. મોક્ષના ચાર ચોકીદારોમાંનો સંતોષ એક છે. એ ચાર ચોકીદારોની મદદથી જીવનનું ચરમ લક્ષ પ્રાપ્ત કરી શકાય છે.

અનુરાગની પાછળ પાછળ શોક અને દુઃખ પણ લાગ્યા રહે છે. અનુરાગ શોકથી મિશ્રિત હોય છે. સુખની પાછળ દુઃખ ચાલે છે. જ્યાંસુધી શોક હોય છે ત્યાં દુઃખ પણ હોય છે. અનુરાગના નામપર મનુષ્ય દુઃખનું વિષમય બીજ વાવે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમાંથી તરતજ સ્નેહનો અંકુર નીકળે છે, જેમાં વીજળીની માફક ભયાનક દાહકતા થાય છે. અને એ અંકુરોમાંથી અનેક શાખાઓવાળું દુઃખનું વૃક્ષ ઉત્પન્ન થાય છે, જે ઢાંકી રાખેલા ઘાસના ઢગલાની માફક બળતાં બળતાં ધીમે ધીમે શરીરને બાળી નાખે છે. બરાબર આ સંસારની અસારતા પર વિચાર કરો, રાગથી મોહ ઉત્પન્ન થાય છે, એટલા માટે જે અનુરાગ ફોકટ આસક્તિનું કારણ બને છે તેનો મૂલોચ્છેદ કરવો જોઇએ. શરીર અસંખ્ય કીટાણુઓ ઉત્પન્ન કરે છે, જે દૂર કરવા લોકો આતુર હોય છે; પરંતુ જેને બાલક કહેવામાં આવે છે તેને માટે તેનું જીવન ક્ષીણ થઇ જાય છે. સાંસારિક મોહ એવા પ્રકારનો જછે. અનુરાગની ગાંઠ એ મહામોહથી મજબૂત થાય છે, જે મનુષ્યના હૃદયને ચરે બાજુથી બાંધી લે છે. અનુરાગથી છૂટવાનો મુખ્ય ઉપાય એ છે કે એમ ચિંતન કરવું કે આ સંસાર એક અસાર વસ્તુ છે. આ મહાન જગત્માં અસંખ્ય પિતા, માતા, પતિ, સ્ત્રી તથા બાલકો ચાલ્યા ગયા છે. તમારે તમારા સગાંવ્હાલા, મિત્રમંડળને વિજળીના ક્ષણિક ઝબકારા જેવા ગણવા જોઇએ અને તેનું ફરી ફરી ચિંતન કરતાં કરતાં શાંતિ મેળવવી જોઇએ.

મનને શૂન્ય કરી દ્યો. શોકના મહાન્ આઘાતોથી બચવાનો માત્ર એક જ ઉપાય છે. સંકલ્પને દબાવવાનું મુશ્કેલ છે અને તેને એક વખત દબાવી દેવામાં આવે છે, તો સંકલ્પોની એક નવીન શૃંખલા ઉત્પન્ન થાય છે, કે જે મનને અક્રાન્ત કરે છે. કોઇ સ્થિર વસ્તુ ઉપર ચિત્ત લગાડો, પછી મનને રોકવામાં સફળતા મળશે. આત્મામાં સંકલ્પો એકત્ર કરો અને પ્રભુનું ધ્યાન કરો.

જ્યારે તમને વિષય પીડા કરે, સંમોહિત કરે ત્યારે વિચાર વિવેક અને સાત્વિક બુદ્ધિનો સદા પ્રયોગ કરો. વારંવાર વિવેકનો આશ્રય લ્યો. જ્યાં સુધી જ્ઞાનમાં તમારી સ્થિતિ ન થાય ત્યાં સુધી. વસ્તુતઃ અવિદ્યાનું બળ જબરૂં છે.

જ્યારે તમારા છૂટાછવાયા સંકલ્પ એકત્રિત થશે અને તમો શાંત અવસ્થામાં મૂકાશો ત્યારે જેમ સ્વચ્છ પાણી ઉપર સૂર્યના કિરણો ચળકે છે, તેમ શાશ્વત આનંદમય આત્મા ચળકી ઉઠશે. શાંતિ ધન, દારા અથવા ભોગમાં નથી રહેલી. જ્યારે મન સંકલ્પહીન અને કામનાહીત થઇ જાય છે ત્યારે આત્મા ચમકી ઉઠે છે અને શાશ્વત આનંદ અને શાંતિ વરસાવે છે. પછી બહારના વિષયોમાં સુખ માટે નકામું શા માટે ભટકવું ? અંદર શોધો. આપણા આનંદ માટે આપણી અંદર સત્ ચિત્ આનંદમાં—અમૃત આત્મામાં ઉંડાં ઉતરો.

( અપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્ત્તમાન સમાચાર

## શ્રીકેશરીયાજી તીર્થ સંબંધમાં ત્યાંના પંડ્યાઓએ મચાવેલો ઉત્પાત.

### શ્રી ઉદેપુરના નામદાર મહારાણાએ જૈનોને આપવો જોઇતો ન્યાય. અને પંડ્યાઓના ઉપદ્રવ માટે જૈન સમાજે તેની સામે જાગૃત થવાની જરૂર.

પરાપૂર્વના આ આપણા પુનિત તીર્થસ્થાનમાં આજે પોતાનો પગદંડો જમાવવા માટે પંડયાઓએ જે એક પછી એક આક્રમણો શરૂ કર્યાં છે તેમાં આપણી બેદરકારી કહો, નબળાઈ કહો તે પણ કેટલેક અંશે જવાબદાર પણ ગણી શકાય. તે ગમે તેમ હો પરંતુ જો હવે આ બાબતમાં આપણે જરાપણ બેદરકાર રહેશું તો તે પંડયાઓ આપણા પરાપૂર્વના આ પવિત્ર તીર્થ પર પોતાનો હક્ક ઉભો કરવા વિશેષ પ્રયત્ન કરશે. હાલમાં તે પંડ્યાઓએ આ તીર્થની ઉપજ તે રાજ્યની કોઇપણ જાતની મેહેરબાનીથી પોતાને સ્વાધીન લેવાનો અખત્યાર મેળવ્યો છે. આ તીર્થની ઉપજ વગેરે બાબતોમાં અનેક ઠરાવો કબુલતો રાજ્ય મારફત અગાઉ થયેલા અને રાજ્ય દફતરે નોંધ છતાં, તેમને દીવાની રાહે દાદ મેળવવાનું જણાવેલ છતાં તે રાજ્યના દીવાનસાહેબે ઉપરોકત હુકમ આપી દીધો છે, જેથી જૈન કોમને તે રાજ્ય તરફથી ઘણો જ અન્યાય થયેલો હોવાથી જૈન કોમની જૂદી જૂદી સંસ્થાઓ તથા સંઘો તરફથી રાજ્યના તે આધકારીઓને અરજ કરવા છતાં બીલકુલ ધ્યાન પણ અત્યારસુધી આપવામાં આવેલ નથી તેમજ ન્યાય પણ મળતો નથી. તેથી હિંદુસ્તાનના દરેક ગામોના જૈન સંઘોએ પોતપોતાના ગામના સંઘોથી તે પંડયાઓનો બહિષ્કાર કરવા જરૂર છે અને શ્રી કેસરીયાજી તીર્થે યાત્રા કરવા જનાર કોઇપણ જૈન બંધુઓ કે બ્હેનોએ આ બાબતમાં જ્યાં સુધી આપણને ન્યાય ન મળે ત્યાંસુધી કોઇપણ પ્રકારનું (ઘી) ઉછામણી ન બોલવી, શીખ ન આપવી, તેને એક પૈસો પણ ન આપવો તેમની આવક બીલકુલ બંધ કરવી વગેરે કરી પંડયાઓની સાન ઠેકાણે લાવવી અને દરેક ગામના સંઘે ઠરાવો કરી ઉદેપુર રાજ્ય ઉપર પોતાનો પ્રોટેસ્ટ ન્યાય મળવા મોકલી આપવો.

શ્રી ઋષભદેવ ભગવાનને વૈષ્ણવના આઠમા અવતાર તરીકે પંડયાઓ પોતાના પ્રભુ અને તેને અંગે પોતાનું તીર્થ છે એમ ઠસાવવા માગે છે, અગાઉ જૈનોના આ તીર્થ માટે અનેક ઠરાવો થયેલા છતાં પરાપૂર્વથી જૈનનું તીર્થ અને ઉપજ પણ તે જૈન તીર્થની ગણાતી છતાં આવા ખોટા ખ્યાલો, માન્યતાઓ અને પ્રપંચો ઉભા કરી માલીકી ધરાવવા માંગે છે કે જે ઉદેપુર રાજ્ય શું પણ કોઇ માનવ તે સ્વીકારી શકે નહી. આ પંડયાઓના હડહડતાં જુઠાણા અને પ્રપંચો સામે જૈન કોમે સંપૂર્ણ સામનો (ન્યાય મેળવવા) પોકાર ઉઠાવી આગળ પગલાં ભરવા જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જૈન સમાજે જાગ્રત થવાની જરૂર.

### જૈન તીર્થ શ્રી કેસરીયાનાથજીને વૈષ્ણવ તીર્થ કરી દેવા માટે ત્યાંના પંડયાઓએ (કબજો મેળવવા માલેકી ધરાવવા) શ્રી ઉદેપુરની કોર્ટમાં દાખલ કરેલ દાવો.

નીચે લખેલ હકીકત અભયકુમાર યાત્રી નામના જૈન બંધુએ લખી મોકલી છે.

### जैन तीर्थ श्री केसरीयानाथजी को वैष्णव तीर्थ करार देनेवालो पन्डोने कोरट में दावा दायर कर दीया.

उदयपुर मेवाड में आये हुवे जैन तीर्थ श्रीकेसरियानाथजी के पन्डोंने गत महीनो में एक दरखास्तद्वारा महाराणा उदयपुर का ध्यान खींचा था कि श्री केसरीयानाथजी का तीर्थ वैष्णवो का हैं, श्री रिषभदेवजी श्रीमद् भागवत में आठ में अवतार लिखे हैं। पहले इस तीर्थ पर भोग भी लगता था इस वास्ते पहिला हक वैष्णव संप्रदाय का होना चाहीये। अब पन्डोने उदयपुर की कोर्ट में तीर्थ वैष्णव होनें का दावा भी दायर कर दीया है. तहकीकात वास्ते खेरवाड़ा ग्राम जहां छोटीसी अदालत है ओर केसरियानाथजी से १० मील दूर है मिशल भेजदी है। समज में नहीं आता उदयपुर को छोड ऐसी जगह मिसिल क्यों भेजी इस में भी अधिकारीयों की चाल है यानावा केफीयत जहां कोई भी जैनी पैरवी करनेवाला नहीं है ? क्या यह एक तर्फी पन्डो का फैसला देना सचित नही करता ? हम समस्त श्वेताम्बर जैन संघ को सूचना दैना अपना फर्ज समझते है कि वो उदयपुर संघ के भरोसे चुप बैठा रहे न अपना कर्तव्यपालन करे; और साथ ही महाराणासाहब उदयपुर और अधिकारीवर्ग मेवाड को चेतावनी देना अपना फर्ज ख्याल करते है कि वो इस तरह के जैन तीर्थो के मामले आखमिचौंनी की तरह फैसल नह करे और जैनसमाज को फरीक बना कर उदयपुर में खुली अदालत दोनों पत्तो को अपना २ सपूत पैश करने का सीका दें ऐसा न हो मेवाड के नाम धर्मरत्ता जैसे मशहुर था उसे बट्टा लग जावें

भवदीय,

**अभयकुमार यात्री.**

### જૈનો માટે સસ્તા ભાડાની ચાલીઓની મુંબઇ શહેરમાં જરૂરીયાત.

વતન છોડી આજીવિકા અર્થે મુંબઇમાં આવી વસેલા જૈન બંધુઓને અત્યારની ભાડા વિગેરેની મોંઘવારીનાં સબબે એક નાનીસુની ઓરડી કે જ્યાં પુરતી હવા-પ્રકાશનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભાવ હોય છે, અને જેમાં બે માણસ દુઃખે રહી શકે ત્યાં વિશેષ મનુષ્યો રહે છે કે જેની તંદુરસ્તી કાયમ ભયમાં હોય છે અને તેને લઇને મરણપ્રમાણ પણ જૈનોમાં વિશેષ આવવાનું તે પણ સબળ કારણ છે. આવા શહેરમાં તેવા સામાન્ય સ્થિતિના જૈન બંધુઓ, કુટુંબો માટે સસ્તા ભાડાની ચાલીઓ મુંબઇમાં બંધાવી શ્રીમંત જૈનોએ આશીર્વાદ લેવાનો છે. આવા ઘણા શ્રીમંતો મુંબઇમાં વસે છે ઉપરાંત અનેક ટ્રસ્ટોમાં પણ આવા ખાતા માટે અવકાશ હશે. વળી અમારા જાણવામાં આવેલ છે કે શ્રી દાનવીર સદ્ગત શેઠ દેવકરણ મુળજીભાઇના વીલમાં પણ જૈનો માટે ચાલી બંધાવવા રૂા. ચાર લાખ જેવી મોટી રકમ દર્શાવેલ છે, તો તે વીલના ટ્રસ્ટી સાહેબો આવા પુણ્યકાર્ય માટે કેમ પ્રમાદમાં છે? અમો તેઓને નમ્ર સૂચના કરીએ છીએ કે તેવી રકમ વીલમાં લખાયેલ હોય તો શેઠ દેવકરણભાઇના સુકૃતના પૈસાનો સત્વર ચાલીઓ બંધાવી ટ્રસ્ટીસાહેબોએ તે પુણ્યના ભાગીદાર થવા જરૂર છે.

## શ્રી નવપદજી મહારાજનું આરાધન.

શ્રી બામણવાડજી તીર્થમાં આ સાલની ચૈત્રી શાશ્વતી ઓળીમાં શ્રી નવપદજીમહારાજનું વિધિવિધાન સહિત આરાધન શ્રી પોરવાડ જૈન મિત્ર મંડળ મારફત થવાનું છે, જેને માટે તેના મંત્રી શેઠ હજારીમલ ગુલાબચંદ અમોને લખી જણાવે છે. આ મંડળની સ્થાપના સંવત ૧૯૭૪ની સાલમાં થતાં શ્રી આબુજી વગેરે જુદા જુદા તીર્થસ્થળે શ્રીનવપદજી મહારાજની આરાધના કરી અનેક બંધુએ ભક્તિરસ લીધો છે. આ રીતે ભક્તિ કરનાર-કરાવનાર અને અનુમોદન કરનાર સરખો લાભ મેળવે છે. અમો આ મંડળના આ તપોવિધાન કાર્યની નિરંતર અભિવૃદ્ધિ ઇચ્છીયે છીયે.

## શ્રી પ્રભાવકચરિત્રનું શુદ્ધિ પત્રક.

નીચે પ્રમાણેનું શુદ્ધિપત્રક શાંતમૂર્તિ મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજે તપાસી મોકલી આપ્યું છે તે માટે આભાર માનીએ છીએ અને એ નીચે પ્રગટ કરીએ છીએ.

| પૃષ્ઠ | લાઇન | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૨૯ | ૨૧ | અડદના કૂંભની જેમ | વાલના કુંભની જેમ |
| ૫૭ | ૧૯ | ડુવાતિથિ | ડુવાતીર્થ (પર્યાલોચના) |
| ૧૨૫ | ૨૦ | ડુવાંતધી | ડુવાતીર્થ ગામ. |
| ૧૩૭ | ૩૦ | "रागराईए ॥" | एगराईये. |

૧૩૭ અહો તે રાગીરમણીનો કેવો સ્નેહ કે જે અદ્યાપિ યાદ આવે છે તેને બદલે એક રાત્રિમાં આતે કેવો સ્નેહ કે હજુપણ તેણીનું સ્મરણ થાય છે.

૧૩૯—૨ ..................नवसिडासि..................नवासिओसि.

૧૩૯—૩ હે પથિક ! ગોદાવરી નદીના કાંઠે દેવકુળમાં તું રહ્યો નહોતો તેને બદલે ગોદાવરી નદી ઉપર આવેલા ખંડ દેવળમાં હે પથિક ! તેં શું નિવાસ કર્યો નહોતો ?

૩૦૮—૧૫ ..................કાટીનગર..................કોડીનાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર અને સમાલોચના.

**ગીત પ્રભાકર**–લેખક સદ્દગત **આચાર્ય** શ્રી **અજિતસાગરસૂરિ**. વિવિધ સામાજિક, નૈતિક અને ધાર્મિક વિષય ઉપર ૪૨૦ કાવ્યનો સંગ્રહ આ ગ્રંથમાં સદ્દગત આચાર્ય શ્રી અજિતસાગરસૂરિ વિરચિત આપવામાં આવ્યો છે. સદ્દગત આચાર્ય આગમવેત્તા, પ્રખર વકતા સારા વ્યાખ્યાનકાર અને કવિતા ગદ્ય પદ્ય કોઇમાં પણ ગમે તેવું ગુજરાતી કે સંસ્કૃત સાહિત્ય રચી શકતા હતા ને તેઓશ્રીના રચિત અનેક ગ્રંથોથી જૈનસમાજ સુવિદિત છે. તેમની દરેક કૃતિ વિદ્વતાપૂર્ણ છે. આ પદ્ય ગંથમાંનો કોઇપણ વિષય લ્યો તો કાવ્યામૃત રસ ઝરતો જણાશે તેમની પાછળ તેમની કૃતિનો આ ગ્રંથ પ્રગટ કરાવી તેમાં તેમની છબી મુકવા તેમના સુશિષ્ય હેમેન્દ્રસાગરજી મહારાજે ગુરૂભકિત દર્શાવી છે. આવો કહો કે વિશેષ રસિક કાવ્યગ્રંથ **કાવ્ય સુધાકર ગ્રંથ** આ કરતાં વિશેષ કાવ્યોથી ભરપુર સદ્દગત્ આચાર્યની કૃતિનો ગ્રંથ પણ પ્રગટ થયેલ વાંચવા જેવો છે, આ ગ્રંથની કિંમત રૂા ૧–૪–૦ પ્રકાશક શ્રી અજિતસાગરસૂરિ. શાસ્ત્રસંગ્રહ હા. શામળદાસ તુળશીદાસ મુ. પ્રાંતીજ–"**કાવ્ય સુધાકર" ગ્રંથ** શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર **કીં.** ૨–૮–૦

**કર્મગ્રંથ:**– બીજો વિભાગ) બીજી આવૃતિ. પ્રકાશક શ્રી જૈન શ્રેયસ્કર મંડળ–મહેશાણા કિંમત ૧–૪–૦ પાંચમો કર્મ ગ્રંથ, છઠા શતક અને તેની મૂળ ગાથા શબ્દાર્થ–ટું કો અર્થ, વિવેચન, યંત્રો અને ફુટનોટ સાથે જિજ્ઞાસુને સહેલાઇથી બોધ થાય તે રીતે પ્રકટ કરવામાં આવેલ છે. આ તેની બીજી આવૃતિ તે જ તેની ઉપયોગીતા બતાવે છે. કાગળ અક્ષર અને બાઇડીંગ વગેરેથી તેની સુંદરતા વિશેષ જણાય છે. પ્રકાશકને ત્યાંથી મળશે.

સિવાય નીચેના ગ્રંથો મળેલા છે જે ઉપકાર સાથે સ્વીકારવામાં આવેલ છે.

૧ **જૈન પ્રશ્નોત્તર રત્નમાળા પ્રથમ ભાગ.**

૨ **સામાયક તથા તપવિધિ અને જૈન ગુણભકિત પ્રકાશ**—શાહ ફુલચંદ જીવરાજ—પાલીતાણા.

૩ **વર્ધમાન તપ પદ્યાવળી**—કર્તા આચાર્ય **શ્રી વિજયલબ્ધિસૂરિજી** ઓલીની વિધિ, તેના ચૈત્યવંદનો સ્તવનો સ્તુતિઓ, તથા સજઝાયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રકાશક શાહ મોહનલાલ લલ્લુભાઇ મુંબઇ વર્ધમાન તપ ખાતાના સેક્રેટરી.

૪ **શ્રી ગુણસ્થાન ક્રમારોહ** મૂળ તથા ભાષાંતર પ્રકટકર્ત્તા શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર

**સમય ધર્મ**–ધાર્મિક અને સામાજિક સેવા કરતું **જૈન પાક્ષિક પત્ર શ્રી ચારિત્ર-રત્નાશ્રમ શ્રી સોનગઢ**માંથી કેશવલાલ જગન્નાથ પંચોલીના તંત્રીપણા નીચે પ્રગટ થવા લાગ્યું છે. તેમાં પ્રગટ થયેલા છ અંકોના અવલોકનથી જણાય છે કે તેમાં સાદી, સરલ, મર્યાદિત અને સભ્યતા ભરેલી કલમથી પ્રમાણો સમેત્ત ચર્ચાઓ આપવામાં આવે છે. સમય ધર્મ એટલે કાળ–વખત–સમય એને યોગ્ય અનુકૂળ ( આગમોકત ) વર્તન–કર્તવ્ય–આચરણ એમ થાય જેથી ધર્મ તેમજ પ્રાચીન અર્વાચીન કાળના અને ફેરફારોના અબાધિત તત્વોની વિચારણા કરવાને વાચકને તક મળે તેવા વિચારો, ચર્ચાઓ, લેખો આ પાક્ષિક પત્રમાં આવે છે. તે જ પ્રણાલિકા ભવિષ્યમાં જળવાઇ રહે તે સાથે અમો તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


શ્રી પ્રભાચંદ્રસૂરિ કૃત—

# શ્રી પ્રભાવકચરિત્ર.

વર્તમાનકાળના પ્રભાવક બાવીશ આચાર્યોના જીવન ઉપર પ્રકાશ પાડતો આ ગ્રંથ સં. ૧૩૩૮ માં લખાયેલ જૈનકથા અને ઇતિહાસસાહિત્યમાં અભિવૃદ્ધિ કરે છે. ઇતિહાસ અને કથા સાથે કવિત્વ પોષવામાં અને સાહિત્યનો રસ જમાવવામાં પણ ગ્રંથકર્ત્તા મહારાજે જેમ લક્ષ આપ્યું છે તેમજ તે વખતના સામાજિક, ઐતિહાસિક, રાજકીય સ્થિતિનો પણ ઉલ્લેખ કરી લેખક મહારાજે પોતાની ઇતિહાસપ્રિયતા સિદ્ધ કરી છે. જેથી ઇતિહાસના પણ ભિન્ન ભિન્ન સમયના સુંદર પ્રકરણો આમાંથી મળી રહે છે જેથી જૈન કે જૈનેતર ઇતિહાસના અભ્યાસી અને લેખકોને આવકારદાયક સામગ્રી આ ગ્રંથ પૂરી પાડે છે. આ મૂળ ગ્રંથ કેટલોક અશુદ્ધ છપાયેલ, તેની શુદ્ધિ માટે તેમજ તેની સુંદરતા અને પ્રમાણિકતામાં વધારો કરવા માટે ઇતિહાસવેત્તા મુનિરાજશ્રી કલ્યાણવિજયજી મહારાજને વિનંતિ કરતાં તેઓશ્રીએ શુદ્ધિ કરવા સાથે ઇતિહાસિક દૃષ્ટિએ પ્રબંધ પર્યાલોચના લખી તેમાં આવેલ ચરિત્રનાયકોનો પરિચય આપવામાં જે શ્રમ લીધેલ છે અને તેને લઇને આ ઐતિહાસિક અને કથાસાહિત્ય ગ્રંથની ઉપયોગીતા અને સુંદર સાહિત્યની અભિવૃદ્ધિ થઇ છે. આ ગ્રંથ માટે અનેક જૈન અને જૈનેતર પેપરોએ પ્રશંસા કરી છે. રોયલ આઠ પેજી સાઠ ફોર્મ પાંચસો પાનાનો ઉંચા કાગળ, સુંદર ગુજરાતી ટાઇપથી છપાઇ આકર્ષક મજબુત બાઇન્ડીંગથી અલંકૃત કરાવેલ છે. કિંમત રૂા ૨–૮–૦ કપડાનું બાઇન્ડીંગ પોણા ત્રણ રૂપિયા. પોસ્ટેજ જુદું.

---

## કલકત્તાવાળાના વિવિધ રંગોથી મનોહર ફોટાઓ.

| નામ. | કીંમત. |
|---|---|
| શ્રી નેમનાથસ્વામીના લગ્નનો વરઘોડો. | ૦-૧૨-૦ |
| શ્રી મહાવીરસ્વામીનું સમવસરણ તથા શ્રેણિક રાજાની સ્વારી. | ૦-૧૨-૦ |
| શ્રી કેસરિયાજી મહારાજ. | ૦–૮–૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળ સ્વપ્ન. | ૦–૮–૦ |
| શ્રી ત્રિશલા માતાના ચૌદ સ્વપ્ન. | ૦–૮–૦ |
| શ્રી સમ્મેતશિખરજી સિદ્ધક્ષેત્ર. | ૦–૮–૦ |
| શ્રી રાજગિરિ સિદ્ધક્ષેત્ર. | ૦–૬–૦ |
| શ્રી પાવાપુરીજી સિદ્ધક્ષેત્ર. | ૦–૬–૦ |
| શ્રી ગિરનારજી સિદ્ધક્ષેત્ર. | ૦–૬–૦ |

| નામ. | કીંમત. |
|---|---|
| શ્રી જીનદત્તસૂરિજી ( દાદા સાહેબ ) | ૦–૬–૦ |
| છ લેશ્યા. | ૦–૬–૦ |
| મધુબિંદુ. | ૦–૬–૦ |
| શ્રી પાવાપુરીનું જલમંદિર. | ૦–૪–૦ |
| **ચિત્રશાળા પ્રેસ પુનાવાળાના ફોટાઓ.** | |
| શ્રી મહાવીરસ્વામી. | ૦–૮–૦ |
| સમ્મેત્તશિખર તીર્થ ચિત્રાવળી સોનેરી બાઇન્ડીંગ સાથે. | ૨–૮–૦ |
| જંબુદ્વીપનો નકશો રંગીન. | ૬–૦ |
| નવતત્ત્વના ૧૧૫ ભેદનો નકશો. રંગીન | ૦–૨–૦ |

## નવાં તૈયાર થયેલ.

| | | | |
|---|---|---|---|
| શ્રી ગૌતમસ્વામી. | ૦–૮–૦ | શ્રી પાર્શ્વનાથ | ૦–૬–૦ |
| શ્રી પાવાપુરી જલમંદિર. | ૦–૮–૦ | શ્રી સમેત્તશિખરજી. | ૦–૮–૦ |

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ.

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૩૦ મું. વીર સં. ૨૪૫૯. પોષ. આત્મ સં. ૩૭. અંક ૬ ઠ્ઠો.

## સૌન્દર્યનો ઝરો

" ચિરસ્થાયી રહેનારૂં સૌન્દર્ય એજ સાચું સૌન્દર્ય છે. રંગ-બેરંગી અને ઝીણાં-મુલાયમ વસ્ત્રોમાં જે સુંદરતા ભાસે છે તેને એક છાબડામાં મૂકો અને અનુપમ સ્વાર્થત્યાગની સૂચક ખાદીને બીજા પલ્લામાં મૂકો, ઝીણાં-પાતળાં-ચકચકિત વસ્ત્રોમાં કેવળ સ્થૂળ સૌંદર્ય છે, એ ક્ષણભંગુર છે. શુદ્ધ સ્વદેશી અથવા ખાદીમાં અનુપમ સ્વાર્થ ત્યાગ, પવિત્રતા, સાદાઇ અને કરોડો દેશ બાંધવો પ્રત્યેની પ્રેમાળ સહાનુભૂતિ ભરી હોય છે. એ આત્મિક સૌંદર્ય છે, એટલે જ એ અક્ષય અને અતુલનીય છે.

" શેઠ જમનાલાલ બજાજ જેવા કુબેર અને નહેરૂ કુટુંબના સંસ્કારી અને સુખી સ્ત્રી પુરૂષો પણ જાડી-ખડબચડી ખાદી શા સારૂ વાપરતા હશે ? કારણ કે એમની દૃષ્ટિ એમાં જ સ્થાયી સૌન્દર્ય અને આનંદ અનુભવે છે. "

પ્રો. બેહરે.

For Private And Personal Use Only